|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)


**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.7990945460
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯


## || દેશકેરી દાઝ ||

દેશકેરી દાઝ જે નયનોમહીં ના હો
નયને એ નિરખે ન નિરખે, ફેર એમાં શો ?
સ્નેહ જેમાં ના છલકતો માનવી માટે,
નયન એવાં ના રહે શોક એનો તો ?
દેશની ગુણગાનગાથા ના ગમે જેને,
કહો શું કરવું સરસ હો કાન પણ એને ?
જન્મભૂમિતણી સુવાસે ના પ્રફુલ્લ બને,
નાસિકા કરવી કહો શું હોય ના હોયે ?
મૂલ્ય શું જીહ્‌વાતણું જે દેશને સ્નેહે
રટે ના, તેની કરે ના પ્રશસ્તિ નેહે ?
હોય વિદ્વત્તા, વરી વાચાળતા એને
પ્રેમ ના પૃથ્વીતણો તો કરે શું તેને ?
દેશની મમતા નથી ને માન દેશતણું
ચિત્તમાં જે, ચિત્ત તે સાચે જ શુષ્ક ગણું;
જે હૃદયમાં માતની મંગલ નહીં મૂર્તિ,
તે હૃદયની પૂર્ણતાની થાય ના પૂર્તિ !

**–'યોગેશ્વરજી'**
**('હિમાલય અમારો')**

॥ ॐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ વિશેષાંક : 'રાષ્ટ્રદેવાય નમઃ' ॥

'સમસ્ત ભરતખંડ મારું શરીર છે. હિમાલય મારી વિશાળ જટા છે. મારી અલકલહરીઓમાંથી ગંગાજીનો સાત્ત્વિક પ્રવાહ વહ્યા જ કરે છે. હું મનુષ્ય છું. હું પશુ છું. હું પક્ષી છું. હું વનસ્પતિ છું. હું પ્રકૃતિ છું. હું સકલ સૃષ્ટિ છું. હું શિવ છું. હું સાક્ષાત્ પરબ્રહ્મ પરમાત્મા છું.

સમસ્ત જગત મારો દેશ છે અને સૌનું કલ્યાણ કરવું એ મારો ધર્મ છે.'

**—સ્વામી રામતીર્થ**



# અનુક્રમ


| | |
|---|---|
| નિવેદન | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત ('મા' સર્વેશ્વરી) | ૬ |
| ૨. 'રાષ્ટ્રીય ચેતના'ની જાગૃતિની પળે (સંપાદન) | ૯ |
| ૩. અભિનંદન : રાષ્ટ્રીય ચેતનાનો પ્રબળ ઉન્મેષ | ૧૨ |
| ૪. શ્રી યોગેશ્વરજીની રાષ્ટ્રવિધાયક તરીકેની સૂક્ષ્મ ભૂમિકા | ૧૫ |
| ૫. વિશ્વપુરુષ : શ્રી વિવેકાનંદ | ૨૩ |
| ૬. અનન્ય રાષ્ટ્રપ્રેમી : શ્રી અરવિંદ | ૨૬ |
| ૭. હિંદનું સર્વસ્વ, વિશ્વ આખાની આશા : મહાત્મા ગાંધીજી | ૨૯ |
| ૮. રાષ્ટ્રીય એકતાના શિલ્પી : શ્રી વલ્લભભાઈ | ૩૫ |
| ૯. સ્વપ્નદૃષ્ટા : શ્રી જવાહરલાલ નેહરુ | ૩૯ |
| ૧૦. રાષ્ટ્રીય સાહસવીર : શ્રી સુભાષચંદ્ર બોઝ | ૪૧ |
| ૧૧. રાષ્ટ્રીય જાગૃતિના સાચા પ્રહરી : શ્રી લોકમાન્ય ટિળક | ૪૭ |
| ૧૨. લોકનાયક : શ્રી જયપ્રકાશ નારાયણ | ૫૧ |
| ૧૩. વિરલ ક્રાંતિવીર : શહીદ શ્રી ભગતસિંહ | ૫૩ |
| ૧૪. રાષ્ટ્રધ્વજની શાન : શહીદ શ્રી વિનોદ કિનારીવાલા | ૬૧ |
| ૧૫. ભારતીય વિદેશિની : અર્પિતાનું મહામૂલું અર્પણ | ૬૨ |
| ૧૬. સૈનિકોને શત શત નમન : રાષ્ટ્રપ્રેમીની કલમે | ૬૪ |


સૌજન્ય : શ્રી મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'ગાંધી-ગંગા'
શ્રી ભગીરથ દેસાઈ સંપાદિત 'બાલભારતી પુસ્તકશ્રેણી'

## નિવેદન : મોરનું એક પિચ્છ સીધું ગોકુળ લઈ ગયું !

મોરનું એક પિચ્છ છેક ગોકુળ લઈ જાય એમ તા. ૨૭ ફેબ્રુ. પ્રગટેલા 'રાષ્ટ્રીય ચેતનાના એક પ્રબળ ઉન્મેષ' એવા ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર 'અભિનંદન'નું નામ જ આપણને ભારતભરના દેશભક્તોના સ્મૃતિલોકમાં પહોંચાડી દે છે; જ્યાં શ્રીકૃષ્ણની મધુર બંસરીના સૂરસમું 'રાષ્ટ્રદેવાય નમઃ'નું મન્ત્રગાન અહર્નિશ ગુંજતું હોય.

અપ્રતિમ શૌર્ય, અપૂર્વ સાહસ અને અદ્‌ભુત દેશપ્રેમનું જ્વલંત દૃષ્ટાંત એવા અભિનંદનને આ અંક એનાયત કરવા જતાં જ પ્રતીત થયું કે; 'અભિનંદનને હવે વિશેષ નામ ન રહેતાં, વિશાળી રાષ્ટ્રચેતનાનો એક જીવંત પર્યાય બની ગયો છે.' એટલે એને પગલે પગલે ભારતવર્ષના અગણિત દેશભક્તોની કતાર આપણા મનમાં ખડી થઈ જાય છે. એ સર્વ જ્યોતિર્ધરોનું સન્માન કરવા 'અધ્યાત્મ' ઉત્સુક બને છે.

એક અભિનંદનને પોંખવા જતાં, આ અંક રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીથી માંડીને શક્ય એટલા દેશભક્તોનું અભિવાદન કરવા તત્પર બન્યો; એનું એક મહત્ત્વનું કારણ એ પણ છે કે, ૪૧ વર્ષ પહેલાં 'અધ્યાત્મ'નો પ્રકલ્પ સૂચવનાર મહાત્મા યોગેશ્વરજી સ્વયં એક ઉદાત્ત રાષ્ટ્રપ્રેમી હતા. 'સ્વ'ના સમાંતરે 'સર્વસ્વનું કલ્યાણ' એમની નેમ ને નિત્યની પ્રાર્થના હતી. તો પરમ પ્રેમમયી 'મા' સર્વેશ્વરી પણ છલકતી દેશપ્રીતિસહ વૈશ્વિક કલ્યાણ ઝંખતી સાક્ષાત્ પરમ ચેતના છે.

અલબત્ત, સ્થળસંકોચને કારણે બે પૂંઠાંની બહાર ઘણુંબધું રહી ગયું છે; 'સાગર બહાર હિલ્લોલતો રહી ગયો, એક અંજલિમાત્ર અભિષેક આ !' Litte done, vast undone !

છતાં, આ અંકને રાષ્ટ્રદેવના શ્રીચરણે એક પુષ્પરૂપે ધરવા ધન્યભાગ્ય બની કૃતાર્થ થઈએ.



## ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

**દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૬૫**

**તા. ૨૦-૧-૮૩, ગુરુવાર, માગશર સુદ છઠ ૨૦૩૯**

**જોહાનિસબર્ગ-લેનેશિયા**

આજકાલ વરસાદ પડે છે, એટલે ઠંડી વધી ગઈ છે. આ દેશને વરસાદની ખૂબ જરૂર હતી અને વરસાદ માટે પ્રાર્થના પણ આ દેશે કરી હતી. વરસાદ આવ્યો તેથી પાણીની તંગી હળવી થશે. અમે ડરબનના ઍરપોર્ટ ઉપર ભારતથી આવીને ઊતર્યા ત્યારથી, જે પણ શહેરમાં જતાં હતાં ત્યાં વરસાદ અમારી સાથે જ રહ્યો.

આજે એકંદરે હવામાન સારું છે. પૂ.શ્રી લેખન કરે છે, ત્યારે તેઓ ઓરડાની બારીનો એક પડદો ખસેડે છે. પરિણામે પ્રકાશ આવી શકે છે. આમ તો અહીં સવારે પાંચ વાગ્યે અજવાળું થઈ જાય છે.

યજમાન પરિવારનાં બહેન શ્રી જયમતીબેન એક દિવસ મને કહેવા લાગ્યાં કે, આપણે સાંજે સમૂહધ્યાનમાં બેસીએ છીએ તે રીતે એક દિવસ હું ધ્યાનમાં બેઠી અને આંખો બંધ કરીને ધ્યાન શરૂ કર્યું ત્યારે બે આંખોની વચ્ચે મને એક નાનું બિન્દુ દેખાયું, જેમાં માતાજી! તમારું સુંદર મુખ ચળકતું જોયુ. તે મુખડું મોટું થતું ગયું. ખૂબ મોટું થતાં થતાં તે અદૃશ્ય થયું. મને તે દિવસે ખૂબ જ આનંદ થયો. તમારું દર્શન ખૂબ જ પ્રકાશિત હતું. મને તો એટલો બધો આનંદ થયો ! છતાં મેં કોઈને કહ્યું નથી.

મેં કહ્યું કે, ઘણાંને એવા અનુભવો થાય છે, ત્યારે તો

તે બહેનને ખૂબ સંતોષ થઈ ગયો.

ગઈ કાલે પ્રવચન બાદ શ્રી રસિકભાઈ પૂ.શ્રીને કહેવા લાગ્યા કે, આજે મેં આપના માથાની પાછળ સફેદ પ્રકાશ જોયો. પૂ.શ્રીએ કહ્યું કે, ભારતમાં પણ જેઓ ભૂમિકાવાળા સાધકો હોય છે તેમને એવા અનુભવો થાય છે.

આજે પૂ.શ્રી સમયસર લેખન પૂર્ણ કરે છે. ખીચડીનું ભોજન બનાવતાં બનાવતાં આજે પૂ.શ્રી રસોડામાં સાંઈબાબાની સ્તુતિ કરવા માંડે છે. યજમાન ભાઈ પણ તેમાં સૂર પુરાવે છે. પછી, પૂ.શ્રીની ટેઈપ કરેલી સ્તુતિ પણ ચાલુ કરે છે.

ભોજન બાદ મુલાકાત અપાય છે. બેઠકખંડમાં બે સોફા પર અમે બેસીએ છીએ. મુલાકાતીઓ આવીને પ્રણામ કરીને બેસે છે. આજે ખાસ નોંધયોગ્ય ચર્ચા ના થઈ. રાધાસ્વામી સંપ્રદાય અંગે તથા વ્યક્તિના વ્યક્તિ સાથેના ઋણાનુબંધ વિષે વાતો થાય છે. મુલાકાત બાદ સૌ ફરીથી પ્રણામ કરીને વિદાય થાય છે.

સાંજે ધ્યાનની બેઠક શરૂ થતાં પહેલાં એક બહેન નાકથી પાણી પીવાની રીત પૂ.શ્રી પાસે શીખે છે. ધ્યાનની બેઠક બાદ પ્રવચન-સ્થળે જવાનું બને છે.

આજે પણ સત્યસાંઈ મંડળ તરફથી 'સંતોનો મહિમા' ઉપર અંગ્રેજીમાં પ્રવચન હતું. હૉલમાં ગયા વખતની જેમ ફૂલોની સજાવટ હતી, પણ તે ફૂલો પગદંડીની બંને બાજુ ગોઠવ્યાં હતાં, જેથી ફૂલોની બે લાંબી હરોળની મધ્યમાંથી અમે પસાર થઈ બેઠક ઉપર પહોંચ્યાં.

સત્યસાંઈ મંડળના સંચાલક શ્રી જેક્સને કહ્યુંઃ મેં મારા જીવનમાં આવાં સુંદર પ્રવચનો સાંભળ્યાં નથી. 'ધ્યાન' ઉપરનાં પ્રવચનો તો ખૂબ સરસ હતાં. ગયા રવિવારે સાંઈબાબા વિષેનું પ્રવચન પણ સુંદર હતું. આજે ફરીથી આપણે અંગ્રેજી પ્રવચનનો લાભ લઈશું. પણ તે પહેલાં માતાજી અને મહાત્માજીનું સ્વાગત કરીએ.



એમ કહીને બે નાનાં બાળકો પાસે સ્વાગત કરાવ્યું. આજે સ્વાગતમાં મને ફૂલનું પ્લાસ્ટિકનું કૂંડું અને પૂ.શ્રીને ફૂલહાર અર્પણ કર્યા.

શરૂઆતમાં મંડળનાં ત્રણ ભજનો થયાં.

આજના અંગ્રેજી પ્રવચનમાં હૉલ આખોયે ભરાયેલો હતો. સંતોની પાસે શી રીતે જવાય?, સંતોની રીતભાત, શીરડી સાંઈબાબાના અનુભવો વગેરે ઉપર સુંદર પ્રવચન અપાયું.

પ્રવચન બાદ મેં હિન્દી ભજન ને ધૂન ગવડાવ્યાં. અંતે આભારદર્શન થયું. પછી આરતી થઈ. છેવટે બધાં શ્રોતાઓ બે હરોળમાં ગોઠવાઈ ગયાં અને સાંઈબાબાને તથા અમને પ્રણામ કરી, પ્રસાદ લઈને છૂટાં પડ્યાં. અહી ચોકલેટ, દ્રાક્ષ, કેળાં, સફરજન, મીઠાઈ વિગેરે વિવિધ જાતનો પ્રસાદ હતો. અહીં પ્રસાદને સમારીને વહેંચવાની પ્રથા જ નથી. આખાં જ કેળાં, સફરજન કે દ્રાક્ષનાં ઝૂમખાં આપવામાં આવે છે.

પ્રવચન બાદ દરરોજની જેમ ડૉક્ટરની ગાડીમાં બેસીને ઉતારા ઉપર આવી ગયાં. થોડી વાતો થઈ. ઓરડામાં આવીને દૂધ લઈને આરામ કર્યો ત્યારે અગિયાર વાગી ગયા હતા.

હરિઃ ૐ

**—'મા' સર્વેશ્વરી**

## ॥ 'રાષ્ટ્રીય ચેતના'ની જાગૃતિની પળે ॥

'Breaths there the man with soul so dead, Who has never said; This is my own Native Land.'

'શું (પૃથ્વી પર) એવો માનવ પણ શ્વસે છે જેણે કદી 'આ મારો પોતાનો દેશ છે.' એવું ના કહ્યું હોય?' સ્વદેશ માટે પ્રત્યેકને સહજ પ્રેમ હોય જ. પણ એ પ્રેમ વધારે મુખર-બોલકો ત્યારે બને છે, જ્યારે એના પર કોઈ ભયનો ઓળો ઊતરી આવે કે માભોમ પર કોઈ બળજબરી કે જુલમની ઘટના ઘટતી હોય.

૧૪ ફેબ્રુ. ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીરના પુલાવામાના 'આતંકી આક્રમણ' થી દેશના ૪૦-૪૦ જુવાનો જીવતા વધેરાઈ ગયા ત્યારે દેશવાસીઓનો 'આક્રોશ' ઊઠવો બહુ સ્વાભાવિક હતો. અને એનો જ 'પ્રતિધ્વનિ' ૧૩ મા દિવસે ભારતીય વાયુસેનાએ સવારે ૩ વાગે કરેલી બૉમ્બર્ષામાં પડ્યો અને ૩૦૦ આંતકીઓ નાશ પામ્યા.

કોઈને થાય કે અહિંસાપ્રેમી ભારતનો આવો હિંસક હુમલો? આપણે તો 'ડાબા ગાલ પર તમાચો પડે તો જમણો ગાલ ધરનારા' મહાત્મા ગાંધીજીની 'અહિંસાના વારસદાર' છીએ. પણ કહ્યું છે ને?

**'તમે મૃતપ્રાય છો એવું ગણીને સ્નેહી મિત્રો કે દુશ્મનો કબર ખોદીને મંડે દાટવા તો ખાવ ખોંખારો. '**

અહિંસા કાયરતામાં ખપાવા માંડે, રિપુ વધારે બળવાન થતો



જાય અને મિથ્યાભિમાનમાં રાચતો, મિથ્યાચાર-હીનાચાર પર ઊતરી આવે ત્યારે 'સામું આક્રમણ' અનિવાર્ય. સર્વનાશ માટે નહીં, 'આત્મરક્ષણ' માટે આયુધો સજવાં પડે.

કોઈપણ દેશની જાગૃત 'રાષ્ટ્રીય ચેતના' ક્રૂર હિંસાનો પ્રત્યુત્તર આપ્યા વિના રહી જ ન શકે. ધર્મ-જાતિ-પક્ષ-બધાંને અતિક્રમી પ્રજાની 'એકતા'નું તત્ત્વ, ભારત સરકારનું સત્ત્વ આગળ ધસી જ આવ્યું અને પાંચ હજાર વર્ષ પૂર્વે ઉચ્ચારાયેલા 'શ્રીકૃષ્ણના શબ્દોનો જાણે પુનરાવતાર' થયો :

**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગેયુગે ॥**

અને 'શ્રીકૃષ્ણની શક્તિ' જાણે ભારતના વીર સૈનિકોમાં સાક્ષાત્ અવતરીને રહી.

સમસ્ત ભારતની રાષ્ટ્રીય ચેતનામાં નવો પ્રાણ પૂરતી 'કાવ્યપંક્તિઓ' આપણા વડાપ્રધાન માનનીય શ્રીનરેન્દ્ર મોદીએ બુલંદ સ્વરે લલકારી :

**'સૌગંદ હૈ મુજે ઈસ મિટ્ટીકી**
**મૈં દેશ નહીં મિટને દૂઁગા**
**મૈં દેશ નહીં રુકને દૂઁગા**
**મૈં દેશ નહીં ઝુકને દૂઁગા**
**મેરા વચન હૈ ભારતમાઁકો**
**તેરા શીશ નહીં ઝુકને દૂઁગા'**

આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપેયીની

પંક્તિઓ પણ રાષ્ટ્રપ્રેમીઓના હૃદયોમાં ગુંજી રહી :

**'બાધાયેં આતી હૈ આયે**
**ઘિરે પ્રલયકી ઘોર ઘટાયેં**
**પાંવોંકે નીચે અંગારે**
**નિજ હાથોંસે હઁસતે હઁસતે**
**આગ લગાકર જલના હોગા**
**કદમ મિલાકર ચલના હોગા**
**જીવન કો શત શત આહુતિમેં**
**જલના હોગા, ગલના હોગા.'**

પ્રત્યેક ભારતવાસીની જિહ્વા પર રવીન્દ્રનાથનું કાવ્ય બિરાજ્યું :

**'ચિત્ત છે જ્યાં ભયશૂન્ય, ઉચ્ચ જ્યાં છે શિર**
**તે સ્વાતંત્ર્યસ્વર્ગમાં....હે પિતા, ભારતને જગાડ.'**

**–સંપાદન**

આંતરિક સંપદાથી ભરપૂર કમલનયન બજાજ ગાંધીજીને કહેતા : 'તમારી માફક અમે ગરીબીના પાઠ શીખીશું નહીં, શીખવાડીશું નહીં. અમે તો અમીર બનીને દેશભક્ત બનીશું. લોકોની સેવા કરીશું.'



## ॥ અભિનંદન : રાષ્ટ્રીય ચેતનાનો પ્રબળ ઉન્મેષ ॥

તામિલનાડુના ચેન્નઈમાં ૨૧ જૂન, ૧૯૮૩માં જન્મેલા ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાને તા.૨૭ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સિદ્ધ કરી બતાવ્યું કે, 'જીવનના વ્યાકરણમાં વિશેષણો મંચ રોકે છે એટલું જ બાકી મહત્ત્વ તો ક્રિયાપદનું જ છે.'

'આગેવાનો અનેક મળે પણ સિપાઈગીરીનો અભાવ એ હિન્દુસ્તાનની કમનસીબી છે.' સરદાર શ્રી વલ્લભભાઈ પટેલના આ અફસોસ સામે આપણા વાયુવીર અભિનંદને માતૃભૂમિના અદના સિપાઈની ભૂમિકા ભજવી, જીવન-મરણની બાજી ખેલી બતાવી આપ્યું કે, 'હું એક નથી, પ્રત્યેક છું, પારાવાર છું.' સાચે જ, 'અભિનંદનની શૌર્યકથા' ભારત માટે જ નહીં, સમગ્ર વિશ્વ માટે એક 'ભવ્યોજ્જવલ ઈતિહાસ'ના એક સુવર્ણ પ્રકરણની આભા ધારે છે. આપણે એની 'આછી ઝલક' પામવા કોશિશ કરીએ.

તા.૨૭મીએ પાકિસ્તાનના એફ ૧૬ ને તોડી પાડ્યા બાદ ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર અભિનંદનનું મિગ-૨૧ પણ તૂટી પડ્યું. આ ઘટનાનો 'દસ્તાવેજી અહેવાલ' આપતાં હોરાનના રાજકીય-સામાજિક એક્ટિવિસ્ટ મોહમ્મદ રઝાક ચૌધરીએ કહ્યું; 'સવારે ૮-૪૫ વાગે તેણે બે વિમાનોને અગનજ્વાળમાં લપટાયેલા જોયાં. તેમાંથી એક વિમાન સરહદની પેલે પાર નીકળી ગયું જ્યારે બીજું હોરાન ગામ નજીક પડ્યું. એ વિમાનમાંથી કૂદેલો પાઈલટ હોરાન ગામથી એક કિ.મી. દૂર પડ્યો. આ જોઈ એણે આસપાસના લોકોને ફોન

કર્યા, પાઈલટને પકડી લેવા સૂચન કર્યું.'

લોકોનું એક મોટું ટોળું અભિનંદન પાસે પહોંચ્યું. અભિનંદને પૂછ્યું કે, 'એ વિસ્તાર ભારતનો છે કે પાકિસ્તાનનો ?' તો એક યુવાને ખોટો જવાબ આપ્યો : 'ભારતનો.' એટલે અભિનંદને 'ભારતમાતાકી જય' સૂત્ર પોકાર્યું. ત્યારબાદ તેણે કહ્યું કે; 'મારી પીઠ તૂટી ગઈ છે. મારે પાણી પીવું છે.' કહી હાથ લંબાવ્યો, ત્યારે એક યુવાને 'પાકિસ્તાન ઝીંદાબાદ'ના નારા લગાવ્યા. અભિનંદનને આ પાકિસ્તાનની ધરતી હોવાનો ખ્યાલ આવી ગયો. સામે દુશ્મન દેશનું લોહીતરસ્યું ટોળું ઊભું હતું. 'મારો-કાપો'ના હાકલા વચ્ચે પણ હિંમત હાર્યા વગર, સ્વસ્થ રહી, પ્રેઝન્સ ઑફ માઈન્ડનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડી, વીજળીક ગતિએ કમરમાંથી પિસ્તોલ બહાર કાઢી હવામાં ગોળીબાર કર્યો. ટોળું પાછળ હટી ગયું. અસહ્ય દર્દ છતાં અભિનંદન ઊભો થયો, તેણે દોટ મૂકી, જખમી શરીરે તે અડધો કિ.મી. સુધી દોડ્યો. વચ્ચે વચ્ચે હવામાં ગોળીબાર કરતો રહ્યો, અંતે એક તળાવમાં પડતું મૂક્યું.

ત્યાં તેણે પોતાના કબજામાં રહેલા કેટલાક નકશા ને મહત્ત્વના ગુપ્ત દસ્તાવેજ બહાર કાઢી, ફાડી, તેની ચબરખીઓ તળાવમાં વહાવી દીધી. કેટલાક દસ્તાવેજ ચાવી જઈ, ભારતમાતાની દિશામાં નજર નાંખી સલામ કરી લીધી.

નિર્દય ટોળું તેને ઢોરમાર મારી રહ્યું હતું. એ દરમિયાન પાકિસ્તાનના સૈનિકો આવી ગયા. એ સમયની એની સ્વસ્થતા લાજવાબ હતી. તેણે કહ્યું; 'થેંક ગોડ તમે આવી ગયા. નહિંતર આ બધાએ મને મારી જ નાંખ્યો હોત. મેં ટોળાને ફાયરિંગ કરી દોડાવી-દોડાવી હંફાવ્યું હતું. હા, મને મારી નાંખવા માટે મેં પણ એમને પૂરતાં કારણ આપ્યાં હતાં.'



ભારતના કડક વલણ અને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યૂહાત્મક દબાણને કારણે પાકિસ્તાને તેને પહેલાં ૨૮ કલાકમાં મુક્ત કરવાની તૈયારી દર્શાવી. જો કે, એ પહેલાં પાકિસ્તાને સોદાબાજીનો પ્રયાસ કર્યો પણ ભારત સરકારે દઢતાપૂર્વક કહ્યું; 'તમે અભિનંદનને કોઈપણ શરત વિના સુરક્ષિત મુક્ત કરો.' વિદેશ મંત્રાલયે પણ સ્પષ્ટ કહ્યું; 'અમારા પાઈલટને કાર્ડની જેમ યુઝ કરીને નહીં, જિનિવા સંધિ હેઠળ છોડી મૂકો.'

અને પાકિસ્તાનમાં ૬૦ કલાક વિતાવ્યા બાદ અભિનંદન સ્વદેશ પરત ફરી શક્યો. ભારતની કૂલિંગ ડાઉન પ્રક્રિયામાં પસાર થઈ તે ફિટ જાહેર થયો. આપણા સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામન્ સાથેની મુલાકાતમાં તેણે કહ્યું; 'મારી સાથે શારીરિક મારપીટ ન હોતી થઈ પરંતુ માનસિક રીતે મને ખૂબ હેરાન કરવામાં આવ્યો હતો. પાકિસ્તાનની તરફેણમાં બોલવા માટે ફરજ પડાઈ હતી. 'ભારતનો પ્લાન શું છે ? તે કેવા વિમાન ઉડાવે છે ?' જેવા જિનિવા સંધિ મુજબ ન પૂછી શકાય એવા ઘણા સવાલો મને સતત પૂછવામાં આવી રહ્યા હતા.'

ત્યારે નિર્મલા સીતારામને તેને બિરદાવતાં કહ્યું; 'વિંગ કમાન્ડર અભિનંદન ! અમને તમારા પર ગર્વ છે. આખો દેશ તમારા સાહસને સલામ કરે છે. તમે વિપરીત સંજોગોમાં પણ અદ્‌ભુત હિંમત જાળવી શક્યા. તમે સમગ્ર રાષ્ટ્ર માટે પ્રેરણારૂપ બન્યા છો. વંદે માતરમ્ !'

'રાષ્ટ્રીય ચેતનાના પ્રગટેલા પ્રબળ ઉન્મેષ' એવા 'વાયુવીર અભિનંદન'ને કોટિ કોટિ અભિનંદન !

—સંકલન

## ॥ શ્રી યોગેશ્વરજીની રાષ્ટ્રવિધાયક તરીકેની સૂક્ષ્મ ભૂમિકા ॥

'હિમાલયના પત્રો' હોય, 'હિમાલય અમારો' જેવો દેશભક્તિથી છલકાતો કાવ્યસંગ્રહ હોય કે 'પ્રકાશના પંથે' આત્મકથા હોય; સાહિત્યના સર્વ સ્વરૂપોમાં મહાત્મા શ્રી યોગેશ્વરજીનો રાષ્ટ્રપ્રેમ સહજ સ્ફુટ થઈ રહે છે, જેની અભિવ્યક્તિ બહુ માર્મિક અને હૃદયસ્પર્શી બની રહે છે. શ્રી યોગેશ્વરજીની રાષ્ટ્રવિધાયક તરીકેની પ્રતિભા મૂર્ત કરતા કેટલાક 'સર્જકખંડો' પર દૃષ્ટિપાત કરીએ.

### ॥ હિમાલયના પત્રો ॥

(પત્રસંગ્રહ : ૧૯૪૧)

'આંખ આગળ હિંદમાતા આવે છે. હાથમાં સિતાર છે. માથું ઉઘાડું છે. લટેલટ વિખરાઈ ગઈ છે. પગમાં જોર નથી. માથું ઢળી ગયું છે-એ સિતાર પર નમી પડ્યું છે. સિતારના તાર તૂટી ગયા છે, ગીત બંધ પડી ગયું છે. માની આંખમાં દર્દ છે, કરુણા છે, અપાર વેદના છે. એ પૃથ્વીના ગોળા પર બેઠી છે. એક વખત એ એવી ન હતી. આખી સૃષ્ટિની શક્તિ હતી. સૌને પ્રેરણા પાનારી એ એક વખત પરમપાવની હતી. આજે એ કેવી છે ? એના સુમધુર મુખમાંથી આજે એક સ્વર પણ નીકળતો નથી, એક શ્વાસ પણ છૂટતો નથી-અરે, એની આંખ ભીની છે. આંસુની ધાર પણ ઊઠી શકતી નથી. કેમ આમ થયું ? એના બાળકોએ એને ધુતકારી કાઢી ? એનાં છોરુ કછોરુ પાક્યાં ? એક વારની એ ગંગા હતી-મૈયા હતી. એનાં ધાવણ કેમ સુકાયાં ? એ કેમ દીન બની ? એ શાંતિનો અવતાર હતી. ભીષ્મ, કૃષ્ણ, ઋષિવરો એના પુત્રો હતા. સીતા ને સાવિત્રી એની સાહેલી હતી. દુષ્યન્ત ને અશોક, શિવાજી ને પ્રતાપ તથા જનક એના કુંવર હતા. એને ખોળે કોણ ન હતાં ? નદીનાં મીઠાં તીર હતાં ને તટે તટે તીર્થ હતાં. આજે એ ક્યાં ગયાં ?

આંખમાં આંસુ આવે છે. માતાની આ દશા નથી જોઈ શકાતી. શું જે હજારોની પ્રેરણા હતી, જે હજારોની માતા હતી, હવે તે ફરી નહીં ઊઠે ? એની આંખ નહીં ઊઘડે ?

એ વિશ્વનો પ્રાણ છે ને એ વિશ્વની શક્તિ છે. બીજાએ એને હલકી ગણી, જંગલી કહી. ભલે, એને સુધરવું નથી. કટ્ટર દુશ્મન બની એકમેકની કતલ કરવી, લાખોની સંખ્યામાં ગુનેગાર કે બિનગુનેગારને ગોળીએ ઉડાડવા, કુમળાં કુસુમોને પળવારમાં હતાં ન હતાં કરવાં, લક્ષ્મી ને સત્તાનાં સિંહાસનો માંડવાં, પાશવી લાલસાઓનાં ટોળેટોળાં કાઢવાં, આ જો સુધારો હોય તો એને એ નથી જોઈતો. ભલે એ ગૌ રહી એને વાઘણ થવું નથી. એને આંચળે આંચળે એક વાર અવની વળગી હતી, એક વાર ફરી એ અવનીને નોતરશે, ફરી એનું પય ચખાડશે.'

□

આજે તો ભારતની દશા ખૂબ વિચિત્ર છે. આ ધર્મપ્રાણ દેશમાં આજે ચારિત્ર્યહીનતા એક વ્યાપક રોગનું રૂપ ધારણ કરી રહી છે. દેશની જે કેટલીયે વિકટ સમસ્યાઓ છે તેમાં એક આ પણ છે. દેશના ઉત્થાન માટે કેટલીયે નવી નવી યોજનાઓ બને છે ને માર્ગ શોધાય છે : પણ ચારિત્ર્યહીનતાને મીટાવવાનો માર્ગ ના શોધાય, ને પ્રજા નૈતિક રીતે સલામત ને શક્તિશાળી ના બને, ત્યાં સુધી દેશનું ઉત્થાન સાચા અર્થમાં દૂર જ રહેવાનું આઝાદી પછી ભારતમાં આ સમસ્યા ખૂબ જ ઉગ્ર ને વિષમ બની

છે. જૂઠ, કપટ, સ્વાર્થખોરી, ચોરબજારી ને લાંચરૂશ્વત તથા અનાચારે વધારે વ્યાપક રૂપ ધારણ કર્યું છે. નાનામાં નાના નોકરથી માંડીને મોટા અફસર સુધી સૌ આના શિકાર બન્યા છે. બહુ જ ઓછા માણસો આ બદીમાંથી મુક્ત છે. આ વસ્તુ ભારતના મહાન ગૌરવને અનુરૂપ નથી. ભારતમાં ગોળની અછત ઊભી થઈ, ત્યારે દક્ષિણના કેટલાક વેપારીઓએ પૈસા કમાવા માટે ગોળમાં છાણ ભેળવીને વેપાર કર્યો, એવી જાહેરાત પાર્લામેન્ટમાં શ્રી રાજગોપાલચાર્યે કરી ત્યારે આ બદીએ કેટલું વિકરાળ રૂપ ધારણ કર્યું છે તેનો જનતાને ખ્યાલ આવ્યો. ગોળમાં છીંકણી, દૂધમાં પાણી ને ઘીમાં વેજીટેબલ તેલ કે ચરબી મેળવવાના પ્રયોગો તો જાણીતા જ છે. જીવનને જરૂરી એવી કોઈયે વસ્તુ ભેળસેળ વગરની મળવાનું મુશ્કેલ બની ગયું છે. પોતાની આ અધમતા માટે ભારતીય વ્યાપારી હવે તો પરદેશમાં પણ જાણીતા થયા છે. જે માલ મંગાવ્યો હોય તેથી જુદી જ જાતનો ખરાબ માલ કેટલીય વાર તેમણે મોકલ્યો છે એવી ફરિયાદો થઈ ચૂકી છે. પરદેશોમાં વર્તમાનપત્રો વેચનાર માણસો હોતા જ નથી. જેને જોઈએ તે પોતે વર્તમાનપત્ર લઈ લે છે, ને તેના પૈસા બાજુમાં પડેલી પેટીમાં નાંખે છે. ધર્મપ્રાણ ભારતમાં સાને ગુરૂજીનાં પુસ્તકો વેચવાનો એવો પ્રયોગ મુંબઈ સરકારે કરી જોયો, તો જેટલાં પુસ્તકો માણસો લઈ ગયા હતા, તેટલાં પુસ્તકોની કીંમત પણ પૂરેપૂરી પેટીમાં ન હતી ! માણસોનું નૈતિક ધોરણ કેટલું શિથિલ થયું છે ! દિલ્હીમાં હમણાં જ પોલીસે બે લત્તામાં દરોડો પાડીને લગભગ ૨૦૦૦ નાની મોટી છોકરીઓને અનીતિનાં ધામ જેવા ઘરોમાંથી હાથ કરી છે. દેશમાં વ્યાપક જેવા બનેલા લોહીના વેપાર તો જાણીતા છે જ. ગમે તેમ કરીને



પૈસો ને ભોગ મેળવવાની જ લોકોની વૃત્તિ છે. અલબત્ત, સમસ્ત ભારતનું હૃદય આથી રંગાયું છે એમ ના કહી શકાય : આવા કઠિન કાળમાં પણ ધર્મ ને નીતિની મર્યાદા પ્રમાણે ચાલનાર માણસો પણ છે. ને ભારતનું સાચું પ્રતિનિધિત્વ તે જ રજૂ કરે છે. છતાં પણ ચારિત્ર્યહીનતા એક નક્કર વાસ્તવિકતા છે, ને તે રીતે તેનો સ્વીકાર થવો જ જોઈએ. તેને દૂર કરવાથી જ ભારતનું ગૌરવ વધી શકશે.

□

ભારત ને સંસારના પ્રશ્નો માટે રાજદ્વારી પુરુષો તો જોઈશે જ. પણ તે ઉપરાંત, ઈશ્વરી કૃપાપાત્ર અંતર્દર્શી યોગીની પણ જરૂર પડશે. કેમ કે કેવળ ભૌતિક નહીં પરંતુ આધ્યાત્મિક પુનર્જાગરણ ને સમૃદ્ધિ એ આ યુગનું લક્ષ્ય છે. એટલે રાજદ્વારી પુરુષોને પ્રેરણા પાનાર એક મધ્યવર્તી મહાપુરુષની જરૂર છે, જે સત્તાના રાજકારણથી પર રહીને ઈશ્વરેચ્છાથી પ્રેરાઈને દેશ ને દુનિયાના હિતનું કામ કરવા કટિબદ્ધ થાય, ને વધારે ભાગે આત્મિક મૂલ્યોની સ્થાપના કરે.

□

વિશ્વમાં જ્યારે જ્યારે અંધકાર ફેલાવા માંડ્યો છે ત્યારે ત્યારે ભારતે પ્રકાશ આપ્યો છે. છેલ્લે છેલ્લે ગાંધીજીના જીવનરૂપે ભારતનો આ પ્રકાશ જ પ્રકટ થયો હતો. પરંતુ તેનું કાર્ય અધૂરું છે. આજના ભયગ્રસ્ત જડવાદી જગતમાં હજી પણ એક મહાપ્રકાશની જરૂર છે. આ પ્રકાશપ્રાપ્ત મહાપુરુષ પૂર્ણસિદ્ધ જોઈએ, ઈશ્વરતુલ્ય જોઈએ. સાધના દ્વારા સંસિદ્ધિપ્રાપ્ત જોઈએ ને તેનામાં માનવ-અનુકંપા હોવી જોઈએ. તેના પર ઈશ્વરી કૃપા ઉતરે ને ઈશ્વરની આજ્ઞાથી તે સેવાના ક્ષેત્રમાં પડે તો

જ આપણા જગતને તે સફલ પથપ્રદર્શન કરી શકે. જે ભૂમિની સંસ્કૃતિએ કૃષ્ણને આપ્યા. વ્યાસ, શુકદેવ ને વાલ્મીકિને પ્રકટાવ્યા, તેમ જ બુદ્ધ, શંકર, રામકૃષ્ણ, ચૈતન્ય ને ગાંધીજી આપ્યા, તે ભૂમિ કે સંસ્કૃતિ જ આવા પુરુષનું દાન કરી શકે. તેને માટે તે અશક્ય નથી.

---

## ।। હિમાલય અમારો ।।

(કાવ્યસંગ્રહ : ૧૯૬૩)

**: કવિશ્રીનું નિવેદન :**

ગણ્યા ગાંઠ્યા દિવસોની જ વાત છે. ભારતની ઉત્તર સીમા સળગી ઉઠી. વરસો અને યુગોથી પ્રશાંત રહેનારી, દેશને માટે દુર્ભેદ્ય દિવાલ જેવી બનેલી, હિમાલયની પુણ્યભૂમિ, એકાએક આવી પડેલા આક્રમણનો શિકાર બની ગઈ. એ તપોભૂમિ હાલી ઉઠી. આક્રમક સૈનિકોની અવરજવરથી ધમધમી ઉઠી. હિમાચ્છાદિત હિમાલયને પાર કરીને, પરદેશી ધાડાં દેશ પર ઉતરી પડ્યાં.

પરંતુ, એ આક્રમણનો પ્રતિકાર કરવા માટે, જોત જોતામાં તો દેશ આખો બેઠો થઈ ગયો. દેશભક્તિ કે દેશપ્રેમની એક નવી, જોરદાર લહરી દેશભરમાં ફરી વળી. પૂર્વથી પશ્ચિમ ને ઉત્તરથી દક્ષિણ, એના રંગમાં રંગાયા, ને ટટ્ટાર થયાં. નાની ને ગૌણ વાતો ભૂલાઈ ગઈ, આડવાતો એક તરફ રહી; અને રાષ્ટ્રની સુરક્ષા કે સલામતીની એકમાત્ર વાત, અને અત્યંત અનિવાર્ય વાત, જનતાની આગળ આવીને ઉભી રહી. અથવા



તો પ્રધાન બની ગઈ. વરસો જ નહીં, યુગોથી હિમાલય ભારતનો હતો. એના પર ભારતનું આધિપત્ય હતું. રાજકીય આધિપત્ય તો ખરું જ, પરંતુ સાંસ્કૃતિક આધિપત્ય પણ. ભારતીય સંસ્કૃતિ હિમાલયના પાવન પ્રદેશની સહચરી હતી. એ સંસ્કૃતિ ત્યાં ફાલીફુલીને મોટી થઈ હતી. એ સંસ્કૃતિના સર્વોત્તમ ગ્રંથો ત્યાં સાકાર બનેલા. વ્યાસ, શંકરાચાર્ય ને કાલિદાસે એની પ્રશસ્તિ કરેલી. એ ભૂમિ યુદ્ધભૂમિ બનીને બીજાના હાથમાં જાય તે દેશ કેવી રીતે સહન કરી શકે? દેશમાં નાદ જાગ્યો; હિમાલય અમારો છે, અને દેશવાસી એના, અને એની દ્વારા આખા દેશના, સંરક્ષણને માટે સદ્ય સમર્પણ કરવા કટિબદ્ધ થયા.

શૂરતાને સાદ થયો. સમર્પણ ભાવને આહવાન કરવામાં આવ્યું. લોકો પોતપોતાની શક્તિ પ્રમાણે એનો ઉત્તર આપવા માંડ્યાં. સોનું, રૂપિયા, માણસોનો જાણે કે પ્રવાહ ચાલ્યો.

આવે વખતે કવિ, લેખક કે સાહિત્યપ્રેમીનું કર્તવ્ય શું? દેશદાઝ તો તેના દિલમાં પણ ભરેલી છે. મને થયું કે આવે વખતે શું કરી શકાય? ઘણું ઘણું કરી શકાય. કલમ પણ તેમાં કામ લાગે, ને પોતાનો ફાળો આપી શકે. અંદરથી સાદ સંભળાયો કે :—

**''કલમ ચલાવ્યે જા, ઓ લેખક,**
**કલમ ચલાવ્યે જા !''**

આખુંયે ગીત જોત જોતામાં લિપિબદ્ધ બની ગયું. ત્યાં તો બીજાનો પ્રારંભ થયો :—

**'હિમાલય અમારો, હિમાલય અમારો.'**

એ રીતે કાવ્યધારા વહેવા માંડી.

એ ધારાનો એક સાધારણ વિભાગ જનતાની આગળ રજૂ કરી રહ્યો છું.

## ॥ પ્રકાશના પંથે ॥

(આત્મકથા : ૧૯૭૭)

'પ્રકાશના પંથે' આત્મકથામાં શ્રી યોગેશ્વરજી દર્શાવે છે કે, દેશ તથા દુનિયાને માટે, બીજાને સુખશાંતિ પહોંચાડવા તથા મદદરૂપ થવાને માટે પણ એમણે સ્વપ્નાં સેવેલાં ને બનતા પ્રયત્નો કરેલા. દેશની સ્વતંત્રતાને માટે હિમાલયમાં રહીને એમણે વર્ષો સુધી પ્રાર્થનાઓ કરેલી. દેશની ઘટનાઓનું સતત ધ્યાન રાખેલું. ૧૯૭૭ના માર્ચમાં થયેલા ભારતના ઐતિહાસિક નોંધપાત્ર અદ્‌ભુત પરિવર્તનમાં પણ એમણે કેવો અદષ્ટ છતાં ચોક્કસ, અનન્ય ભાગ ભજવેલો એનો પરિચય 'આત્મકથાના અંતિમ પ્રકરણ 'સુવર્ણ પ્રભાત'' પરથી થઈ રહે છે :

૧૯૭૭માં દેશમાં જ્યારે કટોકટી લદાઈ ત્યારે શ્રી યોગેશ્વરજી રોજ રાતે દેશમાં નવો પ્રકાશ પ્રગટાવવા માટે જગદંબાને આતુરહૃદયે પ્રાર્થના કરતા. દેશમાં અચાનક લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ એની પાછળ દૈવી શક્તિનો જ કોઈ સંકેત હતો.

તા. ૮ માર્ચે જગદંબાએ એમને જણાવ્યું : 'આ ચૂંટણીમાં ઈન્દિરા ગાંધી રાયબરેલીમાંથી હારી જશે. સંજય ગાંધી પણ



હારી જશે. ચૂંટણીમાં જનતા પક્ષને બહુમતી મળશે. કેન્દ્રમાં જનતા પક્ષની સરકાર રચાશે. મોરારજી દેસાઈ વડાપ્રધાન બનશે.' ૧૯ મી માર્ચે જગદંબાએ આ હકીકત ફરી દર્શાવી.

શ્રી યોગેશ્વરજીને લાગ્યું કે; પોતાની પ્રાર્થના સફળ થઈ. પોતાનો રાષ્ટ્રપ્રેમ સંતોષાયો. આમ સાચી લોકશાહીની સંસ્થાપનાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો. જાણે યુગપલટાનું કામ યોગેશ્વરજીની પ્રાર્થનાએ કર્યું. એમણે પરમ શ્રદ્ધાથી કહ્યું કે; 'દેશ દૈવી શક્તિના હાથમાં સુરક્ષિત છે ને રહેશે.'

દેશને માટે પ્રતિષ્ઠા કે કશાની પરવા વિના પરદા પાછળ રહીને એમણે જે પાયાનું કામ કર્યું છે, એનો આ દસ્તાવેજી પુરાવો છે. અને સમજાય છે કે, એ એક મહાન રાષ્ટ્રભક્ત કે રાષ્ટ્રવિધાયક પણ છે.

આપણે એવું નિશ્ચિત રીતે માનતા હતા કે, ભારતની રાજ્યપરિવર્તનની આ ઘટનાની પાછળ કોઈક દૈવી સંકેત કે દૈવી શક્તિનો હાથ છે, એમાં યોગેશ્વરજી જેવા મહાપુરુષ નિમિત્ત બન્યા હશે તે તો એ પ્રકરણને વાંચ્યા પછી જ સમજાય છે.

યોગેશ્વરજી વારંવાર કહેતા કે, 'ભારતના નકશાને ધરમૂળથી બદલવો પડશે. રાજ્યશાસન બીજાના હાથમાં મૂકવું પડશે. એને માટે હું મારાથી બનતું કરીને પરમાત્માને પ્રાર્થી રહ્યો છું.'

**—સંકલન**

'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી.'

## ॥ વિશ્વપુરુષ : શ્રી વિવેકાનંદ ॥

આત્મોન્નતિ તેમજ લોકકલ્યાણની સાધના માટેના પ્રથમ મઠનું નેતૃત્વ વિવેકાનંદે સંભાળ્યું. 'સંપૂર્ણ ભારત'ને પોતાનું 'ઘર' ગણ્યું. દેશના પ્રત્યેક નાગરિકને પોતાનો ભાઈ માન્યો. દરિદ્રનારાયણની સેવાનો સંકલ્પ કરી 'ભારતયાત્રા'નો પ્રારંભ કર્યો.

૧૧મી સપ્ટેમ્બરે શિકાગોના 'વિશ્વધર્મસંમેલન'માં હિન્દુ ધર્મના પ્રતિનિધિ તરીકે વિવેકાનંદ ઉપસ્થિત રહ્યા. ધબકતા હૈયે, સૂકાતી જતી જિહ્વાથી, કોઈપણ લેખિત પૂર્વ તૈયારી વગર, 'મા' શારદા તથા શ્રી રામકૃષ્ણને મનોમન નમન કરીને, અખૂટ આત્મવિશ્વાસપૂર્વક 'અમેરિકાના ભાઈઓ અને બહેનો !' એવું મધુર સંબોધન શું કર્યું કે, શ્રોતાઓના વિશાળ સમુદાયે તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા. આ મોહિની પછી શાંતિ પથરાતાં જ તેમણે પોતાનું 'પ્રવચન' શરૂ કર્યું :

'મને એ વાતનું ગૌરવ છે કે હું હિન્દુ છું. મને એ વાતનું ગૌરવ છે કે, હું જે દેશમાંથી આવું છું ત્યાં બધા ધર્મોનું સન્માન થાય છે. મને એ વાતનું ગૌરવ છે કે, હું જે દેશમાંથી આવું છું ત્યાંના અનેક સંતો અને મહાત્માઓએ પરમેશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે. મને એ વાતનું ગૌરવ છે કે, હું જે દેશમાંથી આવું છું, ત્યાં માત્ર મનુષ્યને જ નહીં, સંપૂર્ણ ચરાચર સૃષ્ટિને પ્રભુના અંશ તરીકે ગણી, એકાત્મકતાનો અનુભવ કરી શકાય છે.

કેટલીક નાની નાની જગ્યાએથી વહેતી નદીઓ અંતે તો



સમુદ્રને જ મળે છે, તેમ અલગ-અલગ ધર્મ-સંપ્રદાયમાં જન્મેલા મનુષ્યો અંતે તો એક જ પરમાત્માની પાસે પહોંચે છે. કોઈ ધર્મ ઊતરતો નથી, કોઈ ધર્મ શ્રેષ્ઠ નથી.'

સ્વામી વિવેકાનંદના હૃદયમાંથી ફૂટતી આ સ્પષ્ટ, સચોટ, તર્કબદ્ધ વાણીએ શ્રોતાઓના હૃદયમાં સહજ સ્થાન પ્રાપ્ત કર્યું. વક્તાસમૂહ તેમજ સ્થાનિક પત્રોએ પણ એમની મુક્ત કંઠે પ્રશંસા કરી.

વિવેકાનંદ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ભારતીય સંસ્કૃતિની શ્રેષ્ઠતા પ્રગટ કરતા. ચારિત્ર્ય, તત્ત્વવિજ્ઞાન, ધર્મ, સાહિત્ય, સમાજશાસ્ત્ર જેવા અનેક વિષયો ઉપર અધિકારપૂર્વક, આકર્ષક શૈલીમાં પ્રવચન આપતા. આવશ્યક જણાય ત્યાં ખ્રિસ્તી મિશનરીઓના અપપ્રચારનું ખંડન પણ કરતા.

અંગ્રેજી ભાષા ઉપરના અસાધારણ પ્રભુત્વ તેમજ સંતસદશ પ્રતિભા દ્વારા વિવેકાનંદ 'યુગદષ્ટા' તેમજ 'વિશ્વપુરુષ' બન્યા. સતત ચાર વર્ષ વિદેશમાં પ્રવચનપરંપરા દ્વારા 'જગતના ઈતિહાસમાં ધ્રુવતારક'નું સ્થાન મેળવનાર વિવેકાનંદ ૧૫ જાન્યુ. ૧૮૯૭માં કોલંબો પધાર્યા, ત્યાં તેમનું ભવ્ય-સ્વાગત થયું.

ભારતમાં તેમણે શ્રી રામકૃષ્ણનો સંદેશ દોહરાવ્યો : 'ભારતમાં જ્યાં સુધી એક પણ દુઃખી-દરિદ્ર છે, ત્યાં સુધી મારે મુક્તિ ન જોઈએ.'

'સંગઠનમાં શક્તિ છે.' તેવું અનુભવી, 'શ્રીરામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી, સેવાકાર્યો શરૂ કર્યાં. ૧૮૯૮ની ૯ મી ડિસે. 'બેલુરમઠ'નું ઉદ્‌ઘાટન કર્યું.

અવિરત કાર્ય અને વધતી જતી જવાબદારીથી તેમનો દેહ ક્ષીણ થતો ગયો. છતાં પાઠ, પ્રવચન, સંભાષણ નિરંતર ચાલતાં જ રહ્યાં. ૪ જુલાઈ ૧૯૦૨ની રાતે ૯ વાગે મન મોકળું મૂકી રડ્યા. પછી સૂતા પણ ચિર નિદ્રામાં પોઢી ગયેલા વિવેકાનંદનો આત્મા પરમાત્મામાં લીન થઈ ગયો.

વિચાર-વાણીથી જગવિખ્યાત બની ગયેલા વિવેકાનંદનું જીવન 'ભારત તેમજ સમગ્ર વિશ્વ' માટે આદર્શ છે. તેમનું નામસ્મરણ સ્ફૂર્તિદાયક મંત્ર છે. 'જાગો, ઊઠો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' આ મંત્ર આજેય હજારોને પ્રેરણા આપી રહ્યો છે.

તેમણે કહ્યું હતું : 'હવે પછીના પચાસ વર્ષોમાં ભારતમાતા જ ભલે આપણી આરાધ્યદેવી બની રહો. દેવસેવાની જેમ જ દેશસેવા કરો. આમ થશે ત્યારે ભારત જાગી ઊઠશે.' બરાબર પચાસ વર્ષ પછી ભારતે સ્વાતંત્ર્ય મેળવ્યું ને રાષ્ટ્રીય જાગૃતિ શક્ય બની !

**–સંકલન**

'I do not want my house to be walled in on all sides. and my windows to be stuffed. I want the cultures of all lands to be blown about my house freely. But I refuse to be blown off my feet by any.'



## ॥ અનન્ય રાષ્ટ્રપ્રેમી : શ્રી અરવિંદ ॥

શ્રી અરવિંદે કહ્યું હતું :

'મારે ભગવાનની મારા માટે જરૂર નથી; પણ જો હું ભગવાનનાં દર્શન માટે ઝંખતો હોઉં તો તે મારી ભારતમાતા માટે; મારી માતૃભૂમિની સ્વતંત્રતા કાજે.' –કેવો ઉત્કટ રાષ્ટ્રપ્રેમ !

શ્રી અરવિંદે આઈ.સી.એસ.ની પરીક્ષામાં ગ્રીક અને લેટિનમાં વિક્રમ ગુણ મેળવ્યા. પણ સહેતુક ઘોડેસવારીની પરીક્ષામાં હાજર ન થયા. એટલે આઈ.સી.એસ. પસાર કરી ન શક્યા અને એ રીતે પિતાજીની ઈચ્છા ન નકારી કિન્તુ બ્રિટીશ રાજ્યની સેવા નહીં કરવાની પોતાની ભાવના તે સાચવી શક્યા.

શ્રી અરવિંદના પિતાજી પાશ્ચાત્ય સંસ્કૃતિથી પ્રભાવિત હતા પણ એમનામાં દેશદાઝ પણ પ્રબળ હતી. અંગ્રેજી સરકારની હિન્દીઓ પ્રત્યેની તોછડાઈ, ધિક્કાર ભાવ, અક્કડ અને અન્યાયી વલણ તેમને લગીરે ગમતાં નહીં. આ અંગેના જે જે પ્રસંગો બંગાળના દેશપ્રેમી છાપામાં છપાય, તેની કાપલીઓ તેઓ શ્રી અરવિંદને ઈંગ્લેન્ડમાં મોકલતાં. અરવિંદ એ વાંચે, વિચારે ને અંતરમાં ઉતારે. રાષ્ટ્રભક્તિનાં આ પહેલાં પીયૂષ ! ચારેક વર્ષમાં તો ભારતથી હજારો માઈલ દૂર, ભારતની એક પણ ભાષા ન જાણનાર યુવાન અરવિંદના હૈયામાં પ્રબળ દેશપ્રેમનાં બી વવાયાં. અંગ્રેજી સરકારના તે પાકા વિરોધી બની ગયા.

આ અરસામાં જ ઈંગ્લેન્ડમાં 'કમલ અને કટાર' નામની ક્રાંતિકારી મંડળી શરૂ થઈ. તેમાં દાખલ થનારા દરેક સભ્યે પ્રતિજ્ઞા લેવી પડતી કે, 'હું જીવનભર, જ્યાં હોઈશ ત્યાં, મારા દેશની સેવા કરીશ. અને જરૂર પડ્યે દેશ માટે પ્રાણ પણ પાથરીશ.' શ્રી અરવિંદ પણ આવા શપથ લઈ એમાં જોડાયા, જે શપથ એમણે જીવનભર પાળ્યા.

હિંદમાં આવતાંવેંત તેમણે દેશની પરિસ્થિતિનું માપ કાઢવાની શરૂઆત કરી. તેમણે જોયું કે કોંગ્રેસની કામ કરવાની ઢચુપચુ નીતિ-રીતિથી કદી-સ્વરાજ આવશે નહીં. એમણે જોયું કે હિંદના જનજીવનમાં ક્યાંય આગ નહોતી. ગમે તે પ્રકારે, માનહાનિ સહન કરીને પણ પેટ પોષવું અને પેટે પાટા બાંધવા પડે તોય છાતી પર પથ્થર રાખી, નતમસ્તકે સહન કરી લેવું એવી-ભાવના !

હિંદ માતાની આવી દશા જોઈ અરવિંદનું હૈયું વલોવાઈ જતું. આત્મા કકળી ઊઠતો. એથી સૌપ્રથમ તો એમણે કોંગ્રેસની 'ભિક્ષાં દેહિ' નીતિ વિરુદ્ધ અવાજ ઊઠાવ્યો. 'યુદ્ધ દેહિ'નો તુમુલ શંખનાદ કર્યો. તેઓ પ્રચંડ વાવાઝોડાની પેઠે બંગાળના પ્રાંતેપ્રાંતમાં ઘૂમી વળ્યા અને પ્રજામાં દેશભક્તિનો પ્રચંડ દાવાનળ પ્રગટાવ્યો. તેમની આગઝરતી વાણી સાંભળી નવયુવાનો સર્વસ્વ હોમવા થનગની રહ્યા. એમના ઉમદા-ચારિત્ર્યનો પ્રભાવ અદ્ભુત હતો.

૪ થી મે ૧૯૦૮ના દિવસે બધાં ક્રાંતિમંડળોની ધરપકડ થઈ,



એમાં અરવિંદ પણ હતા. એમને કાચાકેદી તરીકે જેલમાં એકાંત કોટડીમાં રખાયા.

જેલમાં જતી વેળા પ્રશ્ન થયો : 'હે પ્રભુ ! ક્યાં છે તમારી રક્ષા ? માતૃભૂમિની મુક્તિના પ્રયાસની આ સજા ?' પણ અંદરથી જ ઉત્તર મળ્યો : 'તને મારા કાર્ય માટે તૈયાર કરવાનો છે. જે થાય તે જોયા કર.' અને તે શાંત, સ્વસ્થ બની સાધના તરફ ઢળ્યા. કલાકો સુધી ધ્યાનમાં બેસતાં પ્રકૃતિના ગૂઢ રહસ્યો સમજતા થયા. ગીતા-ઉપનિષદનાં ધર્મના રહસ્યોની પ્રત્યક્ષ અનુભૂતિને કારણે શ્રદ્ધા બંધાતી ગઈ, એકાગ્રતા વધતી ગઈ અને એમાંથી જ તેઓ તન્મયતા સુધી પહોંચી ગયા. તેમને સચરાચર જગત વાસુદેવમય જણાવા લાગ્યું.

વૃક્ષ, દીવાલ, જેલ, જેલર, બંદીવાન, જેલની સંતરી વગેરેમાં તેમને 'વાસુદેવઃ સર્વમિદં'ની અનુભૂતિ થઈ એ અનુભૂતિ કેસ ચાલવાના દિવસે પણ થઈ. ન્યાયાસન પર નારાયણ સ્વયં બિરાજેલા હતા અને સરકારી વકીલને સ્થાને શ્રીકૃષ્ણ મંદ મંદ સ્મિત કરતા બેઠા હતા !

**—સંકલન**

શ્રીકૃષ્ણે વિશ્વને એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો : 'હિંસા ભલે અનિવાર્ય હોય, પરંતુ શ્રેષ્ઠ તો અહિંસા જ છે.'

## ॥ હિંદનું સર્વસ્વ—વિશ્વ આખાની આશા : મહાત્મા ગાંધીજી ॥

'My true Nationality is internationality in spirit.'

એમ કહેનારા ભારતવાસી, વિશ્વપ્રેમી મહાત્મા ગાંધીજીનો જન્મ થયો ત્યારે ભારત અને સમગ્ર વિશ્વ માટે એક દીપ પ્રગટ્યો.

ભારતમાતાની કૂખ સબળી છે. રામમોહન રાયથી માંડીને અનેક મહાનુભવો અહીં પાક્યા. ભારત જ્યારે દબાયું હતું, એના ઉપર ભીંસ હતી, એના શીલની કસોટી હતી, ત્યારે કેવી કેવી વ્યક્તિઓ બહાર આવી છે! જાણે એક નક્ષત્રમાળા પ્રગટી. એને માટે તો નવું આકાશ જોઈએ.

પણ એ બધામાં ગાંધીજી જુદા તરી આવે છે. એક એક ગુણ લઈ ગોતવા જઈએ, તો તમને એ ગુણ બીજાઓમાં વધારે ખીલેલા જોવા મળશે. વિદ્વત્તા, બુદ્ધિશક્તિ, મુત્સદ્દીગીરી, શબ્દશક્તિ-આ બધા જ ગુણો છૂટાછવાયા બીજા ઘણામાં વધુ માત્રામાંયે જોવા મળશે. પણ આ બધા ગુણો એકમાં ભેગા થઈ જે સકળ પુરુષ થાય છે, તે દુનિયામાં વારંવાર જોવા મળતો નથી.

જન્મ્યા ત્યારે તો બીજાં બધાં બાળકો જેવા જ સામાન્ય બાળક હતા. તેમાંથી આ વિભૂતિ થઈ કેવી રીતે? એમણે પોતાની જાતને કેવી રીતે ઘડી? આ ઘડતર દ્વારા બાપુએ મનુષ્યજાત આગળ જીવન જીવવાનું વ્યાકરણ રમતું મૂક્યું છે. તેમાં એકડો



છે, સત્ય. પછી બીજું બધું તેમાં ઉમેરાય છે. પોતે ભૂલ કરતા, પણ તે સ્વીકારવાની શક્તિ એમની અજબ હતી. દેશભરમાં મોટું આંદોલન ચાલતું હોય, તેની વચ્ચેય હિમાલય જેવી ભૂલનો એકરાર કરી દેતાં તેઓ અચકાય નહીં. ગાંધીઇરવિન કરાર થયા. તેના અર્થઘટન અંગે કંઈક ભાંજગડ ઊભી થઈ. ત્યારે વાઈસરૉયે કહ્યું કે ગાંધીને પૂછો. સામા માણસનેય કેટલી હૈયાધારણ હશે! કેટલો વિશ્વાસ હશે કે આખા દેશનું સ્વરાજ્ય મળતું હોય, તોયે આ માણસ કદી ખોટું નહીં બોલે!

માનવજાતિને અનેક મહાન શિક્ષકો મળ્યા છે, અને મળશે પણ. ગાંધીજીની વિશેષતા હોય તો તે એ કે ''હું મથામણ કરવાવાળો સામાન્ય જીવ છું''—એમ સ્ખલનશીલ સાધકની પેઠે એ માનવજાતિ આગળ રજૂ થાય છે, અને ધીમે ધીમે જીવનનાં અંતિમ મૂલ્યો સાથે સમરૂપ થતા દેખાય છે. એથી દરેક માણસને સાધનામાર્ગે ડગલું માંડવા પ્રેરણા મળે એવું છે.

એ પોતે મોહનદાસમાંથી મહાત્મા બન્યા. સામાન્ય માણસ પણ કેટલો આગળ વધી શકે છે, તે પોતાના જીવન મારફત એ બતાવી ગયા છે. અને આમ કરીને એમણે મનુષ્યજાતિને હંમેશ માટે મુશ્કેલીમાં મૂકી દીધી છે! તમારાં કોઈ બહાનાં, ગલ્લાંતલ્લાં ચાલવાનાં નથી. તમે ઉત્તમ ન થઈ શકો, તેવું એક પણ બહાનું ચાલવાનું નથી.

ગાંધીજી જીવનના કલાકાર હતા, જીવનના શિલ્પી હતા. માનવી પૂર્ણતા તરફ કઈ રીતે પ્રગતિ કરી શકે છે, તેનો ઉત્તમ નમૂનો એમના જીવનમાંથી સાંપડે છે.

ગાંધીજીની એક જગદ્ગુરુ તરીકેની દેણ હોય તો તે છે, એમણે જગત આગળ મૂકેલું જીવન જીવવા માટેનું વ્યાકરણ. માણસ સત્યને અનુસરતાં પોતાના જીવનમાં પ્રયોગો કરતો જાય, એ પ્રક્રિયામાં જ એને માનવબંધુઓની સેવા કરવાની તકો સાંપડે છે. પણ સૌ પ્રત્યે પ્રેમભાવથી, એટલે કે દરેકમાં રહેલા સત્ય પ્રત્યે પૂરા આદરભાવથી, એ વર્તતો હોય છે. એટલે માર્ગમાં, ખાસ કરીને એને પોતાને સહન કરવાનું ભલે આવે—સત્ય દુભાતું નથી, સર્વનું કલ્યાણ જ નીપજે છે.

આવી વ્યક્તિઓ જગદ્ગુરુપદને પામે છે, કેમ કે તેઓ પોતાની જાતને જીવનના છેલ્લા શ્વાસ સુધી કેળવતી હોય છે. એમનામાં જીવનભર કોઈ એક સ્થિર તેજરેખા દેખાતી હોય તો તે છે અવિચલ સત્યનિષ્ઠાની, અવિરત સત્યાચરણની.

ગાંધીજી આપણી વચ્ચે મનુષ્યદેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા. અને તેમ છતાં ગાંધીજીએ ધર્મ વિશે કોઈ શાસ્ત્ર રચ્યું નથી. ગાંધીજીનો ધર્મવિચાર માત્ર શબ્દો દ્વારા પમાય એમ નથી. ધર્મનો શબ્દો દ્વારા પ્રચાર થઈ શકે, એ એમનાથી મનાતું નથી. ધર્મશ્રદ્ધા તો જીવનમાંથી મઘમઘવી જોઈએ, એ તો આપોઆપ જાતપ્રચાર કરતી હોય. હિંદુધર્મનું તાત્પર્યદર્શન મારા આચરણ સિવાય બીજા કશા મારફત હું કરાવી ન શકું, એમ એ કહે છે. કોઈ શાસ્ત્રવચનના ચોકઠામાં ધર્મતત્ત્વને પુરાયેલું જોવાની ગાંધીજી ના પાડે છે, અને પોતાને સનાતની હિંદુ કહે છે તે પણ-અસ્પૃશ્યતા જેવા હિંદુધર્મ પરના મહાન ડાઘને ધોવામાં જિંદગી ખરચતા રહીને જ. તેઓ



હિંદુધર્મને કોઈ સાંકડા સંપ્રદાયરૂપે જોતા નથી, પણ “એના ઉદરમાં સંસારની સર્વ વિભૂતિઓની પ્રજાને સ્થાન છે,” એમ કહે છે. સાચા હિંદુ તો જ બની શકાય જો સર્વધર્મસમભાવ, બલકે સર્વધર્મમમભાવ, કેળવી શકાય.

“જે ધર્મને વ્યવહારમાં ન લાવી શકાય, તે ધર્મ નથી”—એમ કહી તેઓ નીતિ પર ભાર મૂકે છે : “ધર્મ એટલે નીતિ, આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ.” છેલ્લું વાક્ય અત્યંત અગત્યનું છે. સત્ય માટેની ઝીણી કાળજી ન હોય, હૃદય અપાર કરુણાથી ભીંજાયેલું ન હોય, ને નીતિ ઉપર ભાર મૂકવામાં આવે છે ત્યારે-તેમાંથી ક્યારેક આસુરી ક્રૂરતા પ્રગટવાનો સંભવ રહે છે.

અંગ્રેજ મોટામાં મોટો મુત્સદ્દી, પણ એય જેની સામે હાંફી જાય એવી મુત્સદ્દી ગાંધી નીકળ્યો. એવી મુત્સદ્દીગીરી કરે કે કશું છુપાવે નહીં, બધી બાજી ઉઘાડી. સામા ભલભલા મુત્સદ્દીઓના હાથ હેઠા પડે.

આ પહેલું શોધી કાઢ્યું જનરલ સ્મટ્સે. એણે કહ્યું : ગાંધી, તમારી સામે તો કઈ રીતે કામ લેવું ? તમે તો જાતે સહન કરીને લડો છો. અમારું કશું બગાડતા નથી. મનમાં પણ અમારું બૂરું ઇચ્છતા નથી. અમે આફતમાં હોઈએ, ત્યારે ઊલટાના તમારી લડત સંકેલી લો છો. જે શિસ્ત તમારા માટે તમે પોતે નક્કી કરી હોય, તે બરાબર પાળો છો. તમને તે શું કરવું ?

ગાંધીજીની પૂર્વે આ દેશમાં રેંટિયા કાંઈ નહોતા ચાલતા? પણ ગાંધીજીએ આખી એક નવીન જીવનરીતિના વિધાયક તરીકે રેંટિયાને આગળ ધર્યો છે તે, એમાં ભાવનાનો પ્રાણ ફૂંકીને. રેંટિયો એ ગાંધીજીનું મહાકાવ્ય છે. જીવનને યજ્ઞમાં ફેરવી નાંખવું, એ એનો મર્મ છે.

ગાંધીજી કાર્યના માણસ હતા, શબ્દના નહીં. એક પલ્લામાં મણ પ્રવચન હોય અને બીજામાં અધોળ આચરણ, તો આચરણનું પલ્લું નમે, એ એમની શ્રદ્ધા. પણ એમણે જોયું કે શબ્દ પણ મોટી શક્તિ છે, કર્મને પ્રેરનારી શક્તિ છે. ક્યારેક શબ્દ કર્મ સમોવડો પણ નીવડે છે. એટલે એમણે શબ્દની શક્તિને પણ યોજી, ભરપૂર યોજી, સબળપણે, સફળપણે યોજી.

ગાંધીજીનું જીવન એટલે કાર્યનો ઝંઝાવાત, હજારો-લાખો-કરોડોને ઢંઢોળી જાગ્રત કરી પરદેશી શાસન સામે ખડા કરવાનો ઉપક્રમ, હિંદની સાવ નંખાઈ ગયેલી પ્રજાને પગભર કરી દુનિયાના મહાનમાં મહાન સામ્રાજ્ય સામે ભિડાવવાનો ભગીરથ પુરુષાર્થ. એના ભાગરૂપે આગેવાનો સાથેની વાતચીતો, ચર્ચાઓ, સભાઓમાં આપાતાં ભાષણો-એ રીતે બોલાતો શબ્દ સેવા આપી રહ્યો હોય. તો સાથે સાથે નિવેદનો, અરજીઓ, છાપાંના લેખો, પત્રો, મુલાકાતોના અહેવાલો-આ બધું લેખિતરૂપે ચાલતું હોય.

એમનાં ભાષણો-લખાણો મુખ્યત્વે ગુજરાતી અને અંગ્રેજીમાં છે. ૧૦૦ જેટલા ગ્રંથોમાં પ્રગટ થયાં છે. ચાલુ પ્રવાસે અને રાત-દહાડો એક કરતી પ્રવૃત્તિમાં ગાળનાર ભાગ્યે જ કોઈ લોકનેતા હશે, જેણે આટલો ગંજાવર શબ્દસમૂહ કામમાં લીધો હશે.



આ વિપુલ શબ્દપુંજમાં એક એક શબ્દ ભરીબંદૂક છે. તે તે ક્ષણે તાકેલું નિશાન સર કરવાની પૂરી ગુંજાશ એ ધરાવે છે. ગાંધીજીની ભાષા સરળ પણ સબળ, સોંસરી સચોટ દિલ જીતી લે છે. ગાંધીજીની શબ્દશક્તિ માનવજાતનો મહામૂલો વારસો છે.

શસ્ત્ર દેહને છેદી શકે છે, આત્માને નહીં-આત્મા તો અમર છે-એ સૂત્ર આ દેશમાં હજારો વરસોથી ઘૂંટાતું આવ્યું છે. પણ પ્રજા આપણને દેહરખી જ જોવા મળી છે. આપણા યુગના સદ્ભાગ્યે એક પુરુષ એવો પાક્યો, જેણે પોતાના મૂઠી હાડકામાં આત્માની અમરતાને પ્રતિષ્ઠ કરી, અને દેહને આંચ આવશે એ ડરે આત્માની કોઈ વસ્તુને કદી તલભાર પણ જતી કરી નહીં. આત્માની સિદ્ધિ માટે દેહને એક અમોઘ સાધન તરીકે હંમેશાં સ્વસ્થ રાખ્યો; પણ જરૂર પડ્યે એ દેહને ફેંકી દેવાને ક્ષણનો પણ વિલંબ ન કર્યો. આવા જીવનને અનુરૂપ અંત આવ્યો.

મહાત્માજીને લગતી ઘણી વસ્તુઓ મહાન છે, પણ મૃત્યુ કદાચ સૌથી મહાન ઘટના છે.

'ગાંધી ગંગા'

**થોડી ભગતિ બહુત અહંકારા, ઐસે ભગત મિલે અપારા**
**કહૈ કબીર જિન ગયા અભિમાના, સૌ ભગત 'ભગવંત' સમાના !**

# ॥ રાષ્ટ્રીય એકતાના શિલ્પી : શ્રી વલ્લભભાઈ ॥

વિલાયતથી પાછા ફર્યા બાદ વલ્લભભાઈ અમદાવાદમાં સ્થાયી થયા. તેમની વકીલાત ધીકતી ચાલવા લાગી. એ જ વખતે મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા હતા.

અંગ્રેજી રહેણીકરણી અને શુદ્ધ યુરોપિયન પહેરવેશમાં સજ્જ બૅરિસ્ટર ગાંધીજીને 'પોતડીદાસ' કહીને જ સંબોધતા. ગુજરાત કલબમાં કહેતા 'એ ધૂની બૅરિસ્ટરના ચાળે ચડી મગજ બગાડવા કરતાં મારી સાથે બ્રિજની રમત રમો તો જરા બુદ્ધિનો વિકાસ થશે.'

પણ થોડા જ સમયમાં વલ્લભભાઈને ખાતરી થઈ ગઈ કે એ 'પોતડીદાસ' મોટા મોટા દેશનેતાઓ કરતાંય વધુ જબરો ક્રાંતિકારી હતો. ભારતની પ્રજાને બેઠી કરવાની ને તેનામાં સ્વાભિમાન જાગ્રત કરી તેને સ્વપુરુષાર્થના માર્ગે દોરી જવાની એની પાસે જડીબુટ્ટી હતી ! આ પ્રતીતિ થતાં જ સૂટ-બૂટમાં અક્કડ લાગતા. કઠોર દેખાવવાળા વલ્લભભાઈએ એ 'પોતડીદાસ' સમક્ષ આત્મસમર્પણ કરી દીધું !

ઈ.સ.૧૯૧૭-૧૮માં ખેડા જિલ્લામાં વરસાદ બિલકુલ પડ્યો ન હતો. પાક નિષ્ફળ ગયો હતો. આમ છતાં સરકાર મહેસૂલ માફ કરવા તૈયાર ન હતી. આથી જિલ્લાના લોકોએ ગાંધીજીની નેતાગીરીમાં મહેસૂલમાફી માટે આંદોલન શરૂ કર્યું. વલ્લભભાઈ પણ તેમાં ખેંચાયા. આંદોલન સફળ થયું.

વલ્લભભાઈ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં હતા ત્યારે પ્લેગ ફાટી નીકળ્યો હતો. લોકો ઘરબાર છોડી ચારે દિશામાં ભાગતા હતા. તે વખતે વલ્લભભાઈ શહેરમાં જ રહી, રાત



દિવસ એક કરી દુઃખીઓને ધીરજ બંધાવતા હતા અને જીવ જોખમમાં મૂકી, નીડરતાપૂર્વક દર્દીઓની સેવા કરતા હતા.

પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થતાં અંગ્રેજ સરકારે રોલેટ કાયદો લાવવાની વાત કરી, ગાંધીજીએ તેના વિરુદ્ધ સત્યાગ્રહનું એલાન કર્યું. વલ્લભભાઈએ એમાં ઝંપલાવ્યું ને ૧૯૧૯ની ૭ મી એપ્રિલે જંગી સરઘસની આગેવાની લઈ, કાયદા વિરુદ્ધ સભાને સંબોધી અને ગાંધીજીનાં બે પ્રતિબિંધિત પુસ્તકો સર્વોદય અને 'હિન્દ સ્વરાજય'નું જાહેરમાં વેચાણ કર્યું; 'સત્યાગ્રહ પત્રિકા'નું પણ પ્રકાશન કર્યું.

આમ ગાંધીજીના રંગે પૂરેપૂરા રંગાઈ ચૂકેલા વલ્લભભાઈએ પોતાનાં વિદેશી કપડાંની હોળી કરી, ખાદીનો ઝભ્ભો, ધોતી અને ચંપલનો સાદો પહેરવેશ અપનાવ્યો !

ઈ.સ.૧૯૨૮માં મુંબઈ સરકારે સુરતના બારડોલી તાલુકામાં જમીન-મહેસૂલમાં મનસ્વી રીતે વધારો કરી દેતાં ખેડૂતો ખળભળી ઊઠ્યા. વલ્લભભાઈએ એ લડતની નેતાગીરી લીધી. અને એંસી હજારની જનતા એમના એક શબ્દ ઉપર ન્યોછાવર થવા એક પગે ખડી થઈ ગઈ. છેવટે સત્ય અને ન્યાયનો વિજય થયો. સરકારે મહેસૂલનો વધારો માફ કર્યો.

આખા ભારતમાં વલ્લભભાઈના નામનો જયજયકાર થઈ ગયો. એક અદના કાર્યકરે તેમને 'સરદાર' તરીકે સંબોધ્યા પરિણામે ગુજરાતના વલ્લભભાઈ ભારતના સરદાર તરીકે વધાવી લેવાયા. એમણે નમ્રતાથી કહ્યું; 'ગુજરાતની દેશને આ ભેટ છે.' હકીકતમાં ગુજરાતે આ સત્યાગ્રહ દ્વારા દેશને વલ્લભભાઈની ભેટ ધરી હતી.

૧૯૩૦માં લાહોરમાં કોંગ્રેસનું અધિવેશન હતું. જનતાએ એકી અવાજે સરદાર પટેલને કોંગ્રેસના આ અધિવેશન માટે પ્રમુખપદે નીમવાની માગણી કરી. પણ પંડિત મોતીલાલની ઇચ્છા પોતે જીવતાં પોતાના દીકરા જવાહરને કોંગ્રેસ પ્રમુખ બનેલો જોવાની હતી. આથી મહાત્માજીની આજ્ઞાથી વલ્લભભાઈ ખસી ગયા.

દાંડીકૂચના મીઠા સત્યાગ્રહ દરમિયાન સરદારને પકડી સાબરમતી જેલમાં લઈ જવાયા. જેલને દરવાજે જ સરદારે પોતાની પાસેના સિગારેટનાં પેકેટો ફેંકી દીધાં અને જીવનભર ધ્રૂમપાન નહીં કરવાનો સંકલ્પ કર્યો.

સરદારે ગાંધીજીને પોતાના નેતા માન્યા હતા. તેમના પ્રત્યે સંપૂર્ણ વફાદારી, આજ્ઞાપાલન, શિસ્ત ને સમર્પણ જ તેમણે યોગ્ય માન્યા હતા. આથી જ જે સભામાં ગાંધીજીએ ભાષણ કર્યું હોય ત્યાં પ્રવચન કરતા નહીં એમ કહીને કે 'નેતાએ બોલ્યા પછી બાકીનાએ કશું કહેવાનું રહેતું નથી.'

એકવાર તો હરિપુરાના અધિવેશનમાં ગંભીર ચર્ચા ચાલી રહી હતી. ત્યારે વલ્લભભાઈ તંબુની બહાર આંટા મારતા હતા એમ કહીને કે, 'છેવટે તો એ ડોસો (ગાંધીજી) જ ફાવવાનો છે. એ કહે તે જ થવાનું છે.' નક્કામી ચર્ચા કરતાં એ કહે તે શરૂઆતથી જ સ્વીકારી લો ને ! અલબત્ત, બીજા વિશ્વયુદ્ધમાં જર્મની સામેના યુદ્ધમાં ઈંગ્લેન્ડને કોંગ્રેસ ટેકો આપશે જો યુદ્ધ પૂરું થયા પછી ભારતને સ્વતંત્ર કરવામાં આવશે એવી ખાતરી સરકાર આપતી હોય તો ! આ ઠરાવની તરફેણમાં (તેઓ ગાંધીજીની વિરુદ્ધ જઈને) રહ્યા હતા.



૧૯૪૬માં જે કોંગ્રેસ પ્રમુખ થાય તે ૧૯૪૭માં દેશ આઝાદ થયા બાદ પ્રથમ વડાપ્રધાન થાય તેમ હતું. દેશની ૧૬માંથી ૧૪ સમિતિઓએ સરદારના નામની ભલામણ કરી હતી, માત્ર એક મત જવાહરલાલની તરફેણમાં પડ્યો છતાં ગાંધીજીની આજ્ઞાથી વલ્લભભાઈ ખસી ગયા !

બાપુની હત્યાથી કારમાં આઘાત છતાં બાપુજીની આજ્ઞા પ્રાણાંતે માથે ચડાવી, જીવનના છેલ્લા શ્વાસ સુધી રાજવહીવટની પ્રચંડ જવાબદારીઓનો ભાર તેઓશ્રી વહન કર્યે ગયા.

દેશમાંથી અંગ્રેજોએ વિદાય લીધી પરંતુ ભારતમાં ૫/૨ ભાગની જમીન-જનતા ૫૬૫ જેટલાં દેશી રાજ્યોના કબજામાં હતી. તેમણે રાજાઓની દેશભક્તિ જગાડી ને દેશ માટે ભોગ આપવા પ્રેર્યા એ એમનો દેશની એકતાના સર્જનમાં ઐતિહાસિક ભાગ !

હૈદરાબાદ-જુનાગઢના મુસ્લિમ રાજાઓની મુરાદ પાકિસ્તાન સાથે જોડાવાની હતી. પરંતુ તેમની વસ્તી ભારત સાથે જ રહેવા માગતી હતી. છેવટે સરદારે પોલીસ પગલાં દ્વારા નિઝામની સાન ઠેકાણે લાવી.

કાશ્મીર વિશે તેઓ કહેતા : 'મને મારી રીતે કામ લેવા દીધું હોત તો આજે કાશ્મીર પ્રશ્ન જેવું કશું જ ન રહેત !'

સોમનાથ મંદિરનો પુનરુદ્ધારનો સંકલ્પ લીધેલો કેમકે તે આપણી સંસ્કૃતિનું પુરાતન ગૌરવબિંદુ હતું.

૧૯૫૦ ૧૫ ડિસેમ્બર હૃદયરોગનો હુમલો થતાં મુંબઈમાં એમનો મહાન આત્મા અનંતની યાત્રાએ ઊપડી ગયો !

—સંકલન

## ॥ સ્વપ્નદૃષ્ટા : શ્રી જવાહરલાલ નેહરુ ॥

સ્વતંત્ર ભારતના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુ ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના અગ્રેસરમાંના એક હતા. અત્યંત પ્રભાવક અને મંત્રમુગ્ધ કરી દેનાર વક્તા તરીકે તેમણે ભારત સમગ્રમાં રાષ્ટ્રીયતાની આબોહવા-વિભાવનાનો હેરતભર્યો પ્રસાર કર્યો હતો. તેઓશ્રી એક અગ્રગણ્ય રાજદ્વારી-રાજપુરુષ હતા, જેમણે સમાજવાદ તેમજ મૂડીવાદના શ્રેષ્ઠ સમન્વય હોય એવા ભારતનું સ્વપ્ન જોયું હતું.

ભારતને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થવા અંગે ૧૪ ઑગસ્ટ ૧૯૪૭ આપેલ એમના વાર્તાલાપમાં 'દેશપ્રેમની સહજ સૌરભ' સાદ્યન્ત વરતાય છે :

'મધ્યરાત્રિનો ડંકો વાગતાં જ્યારે વિશ્વ આખું સૂતું હશે, ત્યારે ભારત જીવન તેમજ સ્વાતંત્ર્યમાં જાગશે. ક્ષણ આવે છે, ઈતિહાસમાં ભાગ્યે જ આવતી આ ક્ષણ છે. જ્યારે આપણે પુરાતનમાંથી બહાર નૂતનતા પ્રતિ ડગ માંડીએ છીએ. જ્યારે એક યુગનો અંત આવે છે અને જ્યારે લાંબા સમયથી કચડાયેલા રાષ્ટ્રના આત્માને વાચા મળે છે. આવી પરમ ક્ષણે આપણે ભારત અને તેની પ્રજાની સેવા તેમજ માનવતાના હજી વધારે મોટા ઉદ્દેશ માટે સમર્પિત થવાના સોગંદ લઈએ.'

આપણા દુર્ભાગ્યનો આજે અંત આવે છે અને ભારત તેની ચેતનાને પુનઃ પ્રાપ્ત કરે છે. આનાથી પણ વધારે મહાન વિજયો અને ઉપલબ્ધિઓ, જે આપણી રાહ જુએ છે; એને માટે આજની પ્રાપ્તિનો ઉત્સવ તો એક કદમ માત્ર છે. શું આપણે આ અવસરને વધાવવા અને ભવિષ્યના પડકારોને સ્વીકારવા શક્તિમાન અને શાણા છીએ ખરા ?

આઝાદી અને સત્તા દાયિત્વ લાવે છે. આ સભા પર એની



જવાબદારી છે. આઝાદી પ્રસૃત થયા અગાઉ આપણે ઘણાં દુઃખદર્દ સહ્યાં છે અને એની વ્યથાના સ્મરણથી આપણાં હૃદય ભારે છે. તેમ છતાં, ભૂતકાળ ગયો છે અને ભવિષ્ય છે, જે આપણને આશ્વસ્ત કરી રહ્યું છે.

ભવિષ્ય સરળ કે વિશ્રામદાયી નથી પણ અનવરત મથામણનું છે, જેથી આપણે જે સોગંદ વારંવાર લીધા છે તેને પૂરા કરી શકીએ. 'ભારતની સેવા' એટલે એવા લાખોની સેવા જેઓ સહન કરી રહ્યા છે. અર્થાત્ ગરીબી, અજ્ઞાન, રોગો તેમજ તકોની અસમાનતાનો લોપ ! આપણી પેઢીના મહાન પુરુષોની એકમાત્ર આકાંક્ષા પ્રત્યેક આંખનું પ્રત્યેક અશ્રુ લૂછવાની છે. એ કદાચ આપણા વશની વાત ન પણ હોય છતાં જ્યાં સુધી અશ્રુઓ અને વ્યથાઓ હશે ત્યાંસુધી આપણું કાર્ય પૂરું નહીં થાય.

આપણાં સ્વપ્નોને વાસ્તવિકતા અર્પવા આપણે મથવું પડશે અને વધારે ન વધારે સખત કાર્ય કરવાં પડશે. આ સ્વપ્નો ભારત કાજ છે, પણ વિશ્વ માટે પણ છે. કારણ કે તમામ રાષ્ટ્રો અને પ્રજાઓ એકબીજાં સાથે એટલાં બધાં સંલગ્ન છે કે, એમાંના એકેને અલગ કે પૃથક્ ભાગ તરીકે કલ્પી ન શકાય.

જેમ શાંતિ અદૃષ્ટ છે તેમ સમૃદ્ધિ તેમજ આપત્તિ આ એક વિશ્વમાં એવાં અદૃશ્યમાન છે કે તેમને અલગ અલગ અંશોમાં વિભક્ત ન કરી શકાય.

જેના અમે પ્રતિનિધિઓ છે એ ભારતદેશની પ્રજાને આ મહાન સાહસમાં શ્રદ્ધા અને વિશ્વાસ સાથે અમારી સાથે જોડાવાની અપીલ કરીએ છીએ. ખંડનાત્મક ટીકા-ટીપ્પણ, દુર્વિચાર કે બીજા પર દોષારોપણનો આ સમય નથી. આપણે સ્વતંત્ર ભારતનું એક ઉદાત્ત મહાલય રચવાનું છે, જેમાં બધાં બાળકો વસવાટ કરી શકે.

—સંકલન

## ॥ રાષ્ટ્રીય સાહસવીર : સુભાષચંદ્ર બોઝ ॥

'તમે સ્વાધીનતાનો આનંદ, સ્વાતંત્ર્યનું સુખ ઇચ્છો છો ? તો સ્વાધીનતાનાં કષ્ટો સહેવાથી જ, એનું મૂલ્ય ચૂકવવાથી જ તે સાંપડી શકશે.' આ શબ્દો હતા ભારતની સંપૂર્ણ આઝાદી ઝંખનાર રાષ્ટ્રીય વીર શ્રી સુભાષચંદ્ર બોઝના.

ઈ.સ. ૧૯૦૭માં અંગ્રેજ સરકારે બંગાળના ભાગલા પાડ્યા. દેશભરમાં એનો પ્રચંડ વિરોધ ઊભો થયો. 'માની મુક્તિનો પવન' ફૂંકાયો એમાં સુભાષ સક્રિય બન્યા. દીન-દુઃખી-દલિતોની દુનિયામાં તેમણે ઘૂમવા માંડ્યું. એ સમયે કૉલેરા ફેલાતાં સુભાષબાબુ અભ્યાસ છોડી, કૉલેરાગ્રસ્ત મજૂર લત્તાઓમાં સેવાચાકરી કરવા માંડ્યા. વિવેકાનંદનાં ગ્રંથોના વાચનપ્રભાવે 'હિંદની આઝાદી એમને માટે આત્માનો ધર્મ' બની ગઈ.

પછી તેમણે કૉલેજનો અભ્યાસ ફરી શરૂ કર્યો. પણ તેઓના જુ.બી.એ.ના વર્ગમાં એક અંગ્રેજ પ્રાધ્યાપકે કહ્યું; 'બંગાળીઓ તો દ્રાવિડિયન છે. એ મૂળથી જ જંગલી, ખૂની, લુચ્ચા ને બાયલા છે.' આ સાંભળતાં આખી પ્રેસિડેન્સી કૉલેજમાં ખળભળાટ મચી ગયો. જ્યારે સુભાષબાબુએ તો કૉલેજ બહાર એ પ્રાધ્યાપકને પકડી, મેથીપાક જમાડ્યો. પરિણામે કૉલેજમાંથી જ નહીં, સમગ્ર યુનિવર્સિટીમાંથી તેમને રૂખસદ મળી.

૧૯૧૭માં સ્કૉટીશ ચર્ચ કૉલેજમાં પ્રવેશ મેળવી બી.એ.ની પરીક્ષા તેમણે પહેલા વર્ગમાં પસાર કરી. પિતાએ તેમને



આઈ.સી.એસ.નો અભ્યાસ કરવા ઈંગ્લેન્ડ મોકલ્યા. રસ્તે એડન બંદરેથી નાના ભાઈને કાગળ લખ્યો : હું ઈંગ્લેન્ડ તો જાઉં છું, પણ મારું માનસિક યુદ્ધ હજુ શમ્યું નથી. મારા ત્રીસ કરોડ બાંધવો પ્રત્યેનું મારું કર્તવ્ય સ્પષ્ટ છે. મારા જેવી અનેક જિંદગીઓ તેમની સેવામાં હોમાશે ત્યારે તેમની બેડીઓ તૂટશે.

'હું નવા જ્ઞાનથી નવી શક્તિ ભારતમાતાને ચરણે ધરીશ.'

ઈ.સ. ૧૯૨૦માં 'સિવિલ સર્વિસ'ની પરીક્ષા પાસ કરી, સનદી નોકર તરીકે જોડાયા. પણ તેમનું મન નહોતું માનતું. 'સ્વાધીનતાના લડતનો સેનાની શાહીવાદી સરકારનો નોકર બને ! આત્મગ્લાનિ અનુભવતા તેમણે વહીવટી તાલીમના વર્ષમાં એક જ મહિનો બાકી હોવા છતાં આઈ.સી.એસ.માંથી રાજીનામું આપી દીધું. પછી કેમ્બ્રિજની બી.એ. પરીક્ષા પાસ કરી માતૃભૂમિ પાછા ફર્યા.'

નિરાશ પિતાએ કેવળ એટલું જ કહ્યું; 'તમે જે રસ્તે જાઓ છો, એ રસ્તે ભાંગી પડશો નહીં. જે દિવસે મારી ઈજ્જત ભાંગો તે દિવસે મને મોઢું બતાવશો નહીં.' પિતાના આ આદેશને સુભાષબાબુ આજન્મ વળગી રહ્યા.

૧૯૨૧માં સ્વરાજ્યની ઘોષણા થઈ. દેશબંધુ ચિત્તરંજનદાસે એમને એક રાષ્ટ્રીય મહાવિદ્યાલયના આચાર્ય બનાવ્યા. એ અરસામાં પ્રિન્સ ઑફ વેલ્સ હિંદની મુલાકાતે આવ્યા. મુંબઈમાં એમનું આગમન થતાં જ બંગાળમાં બ્રિટિશ માલનો બહિષ્કાર પોકારાયો, એ યોજના ઘડનારા દેશબંધુ તેમજ સુભાષબાબુની ધરપકડ થઈ, સુભાષબાબુને છ માસની જેલ થઈ.

ગાંધીજી અને સુભાષબાબુની રાજકીય દૃષ્ટિમાં ભેદ હતો. ગાંધીજી વિરોધીઓનાં હૃદય જીતવા માગતા હતા. આત્મિક બળને પ્રાધાન્ય આપતા હતા. જ્યારે સુભાષબાબુ વિરોધી જ્યારે પણ પગલું ચૂકે ત્યારે તેનો લાભ લઈ, જેટલા મોરચા જીતી શકાય તે જીતી, લડત આગળ ચલાવવા માગતા હતા.

૧૯૨૩માં 'ફૉરવર્ડ' નામનું અંગ્રેજી દૈનિક ને 'બાંગાલેર કથા' નામના સાપ્તાહિકનું સંચાલન સુભાષબાબુને સોંપાયું.

'સ્વરાજ્ય પક્ષ'ના મંત્રી તરીકે તેમની વરણી થઈ. પ્રાંતીય તેમજ વડી ધારાસભાઓની ચૂંટણીઓમાં એ પક્ષને ભારે વિજય મળ્યો. દેશબંધુ કલકત્તા કૉર્પોરેશનના મેયર ને સુભાષબાબુ એના મુખ્ય વહિવટી અધિકારી નિમાયા.

રોજના ૧૬ થી ૧૮ કલાક કામ કરનાર સુભાષબાબુ 'ફૉરવર્ડ'ને તેજસ્વી, ચેતનવંતું રાખવા દેશના જુવાનોનો લડાયક જુસ્સો ટકાવી રાખનારાં ભાષણો, લેખોમાં ગરકાવ રહેતા. અંગ્રેજી સરકારને ચારેબાજુથી મૂંઝવણમાં નાંખી દેનાર, સ્વરાજ્ય પક્ષની ચેતનાના અંગ, નિર્ભીક વિવેચક એવા ૨૬ વર્ષના યુવાનની તાજગી-કર્તવ્યપરાયણતા બ્રિટિશ સરકારને આંખના કણાની જેમ ખૂંચતી રહી. તક મળતાં જ બંગાળની સરકારે 'રૉલેટ એક્ટ-કાળા કાયદા' હેઠળ તેમની ધરપકડ કરીને રાજકેદી તરીકે પહેલાં ખલીપોર ને પછી બર્માની માંડલે જેલમાં તેમને પૂરી દેવામાં આવ્યા.

સુભાષબાબુને કાળજવર-ક્ષય રોગ લાગુ પડ્યો. ૧૯૨૬માં બંગાળની ધારાસભામાં તેમને ઉમેદવાર તરીકે ઊભા રખાયા



ત્યારે ભારે બહુમતીથી ચૂંટાઈ તો ગયા પણ જીવનમરણની સરહદે પહોંચી ગયા હતા. સરકારી ડૉક્ટરોની પેનલે તેમની સ્થિતિ ગંભીર હોવાનો અભિપ્રાય આપ્યો. એટલે સરકારે દરખાસ્ત મૂકી કે; 'જો સુભાષબાબુ હિંદનો કિનારો છોડી પરદેશ ચાલ્યા જાય તો સરકાર એમને તરત છોડી દે.' જો કે, માતૃભૂમિથી હદપારી સ્વીકારે તો સુભાષબાબુ શાના ? છેવટે સરકારને એમને બિનશરતી મુક્તિ આપવી પડી.

થોડોક વખત તબિયતસુધારણા માટે શિલોંગ રહ્યા પછી તેમણે બંગાળમાં રાષ્ટ્રની લડત આગળ ધપાવવા કામદારો-યુવાનોનું સંગઠન કરવા ફરી 'ફૉરવર્ડ' મુખપત્રનો ઉપયોગ આરંભ્યો. એમની દોરવણી હેઠળ યુવકો-મહિલાઓના રાષ્ટ્રીય મંડળો સ્થપાવા માંડ્યાં. આખા દેશમાં એક 'લડાયક દોર' શરૂ થઈ ગયો.

૧૯૨૭ના અંત ભાગમાં તેઓશ્રી બંગાળ પ્રાંતિક સમિતિના પ્રમુખ ચૂંટાયા. 'યુવક મહાસભા'માં એમણે યુવાનોને આઝાદી માટે લડાયક મનોદશા ખીલવવાનો બોધ આપ્યો. હિંદભરના પ્રચંડ આંદોલનને પરિણામે દેશમાં એક જબરદસ્ત 'જહાલ પક્ષ' ઊભો થયો. એના અગ્રણી બન્યા સુભાષબાબુ. આ પક્ષની એક જ માગણી હતી : 'સંપૂર્ણ સ્વાધીનતાની'.

એક પણ હિંદી પ્રતિનિધિ સિવાયના સાઈમન કમિશનના બહિષ્કારનો ઘોષ બુલંદ બન્યો. આ અંગે થયેલા લાઠીમારમાં 'પંજાબ કેસરી' લાલા લજપતરાયને જીવલેણ ઈજા થતાં તેમનું અવસાન થયું ને દેશભરમાં રોષનો જુવાળ ભભૂકી ઊઠ્યો.

પ્રચંડ જનજાગૃતિને લક્ષમાં લઈ સુભાષબાબુએ ગાંધીજીને 'તત્કાળ સીધી લડત'નો અનુરોધ કર્યો. પણ ગાંધીજીએ તેનો અસ્વીકાર કર્યો. એટલે સુભાષબાબુએ 'ઈન્ડિપેન્ડન્સ લીગ'ની સ્થાપના કરી. 'ઈન્કિલાબ ઝિંદાબાદ'નો નારો બુલંદ બનાવ્યો.

આ અરસામાં 'ફૉરવર્ડ'ના લેખમાં થયેલી બદનક્ષીનો સરકારી રેલ્વે કંપનીએ દાવો કર્યો. પણ વળતે જ દિવસે તેનું નામ 'લિબર્ટી' રાખી સુભાષબાબુ છટકી ગયા.

ઈ.સ. ૧૯૩૦માં હિંદભરમાં સત્યાગ્રહનો સવિનય કાનૂનભંગ આરંભાયો. સુભાષબાબુ પકડાયા. પહેલાં નજરકેદ પછી અલીપોર જેલમાં ધકેલાયા. ફરી ક્ષયરોગે દેખા દીધી. સરકારે તેમને વિયેના જવા ફરજ પાડી. ૧૯૩૬માં મુંબઈના કિનારે પાછા ફરેલા તેમને પકડી લેવાયા. ફરી વિયેના મોકલાયા.

ઈ.સ. ૧૯૩૭ના અંતે કોંગ્રેસ મહાસભાના ૫૧માં અધિવેશનમાં હરિપુરા મહાસભાના એ પ્રમુખ બન્યા. પણ પ્રમુખ અને મહાસભાની રીતિનીતિમાં વિરોધાભાસ ઊભો થયો. ૧૯૩૯માં ત્રિપુરાના પ્રમુખપદ માટે ડૉ. પટ્ટાભી સીતારામૈયાને ગાંધીજી તેમજ ગાંધીપક્ષનું સંપૂર્ણ પીઠબળ હોવા છતાં સુભાષબાબુ ચૂંટાઈ આવ્યા. પણ હૃદયસંવાદિતાનો અભાવ લાગતાં તેમણે રાજીનામું આપી દીધું. સુભાષબાબુએ 'ફૉરવર્ડ' વર્તમાનપત્ર કાઢી પોતાના મતનો પ્રચાર કરવા પ્રયાસ કર્યા. પણ મહાસભાની સત્તાવિહોણા, સાથી વિનાના તેમને સરકારે જેલમાં પૂરી દીધા. જેલમાં તબિયત લથડતાં. તેમને નજરકેદ રાખ્યા.

અનેક મનોમંથનો પછી હરકોઈ ઉપાયે આઝાદીના ધ્યેયને



જ વળગી રાખવાનો નિર્ણય કરી, ગુપ્તવેશે છટક્યા. ૪૦ દિવસ એકાંતમાં રહી, દાઢી વધારી, પઠાણના વેશે બહાર નીકળી, રહેમતખાનને ભોમિયા તરીકે લઈ, પેશાવરથી છેક અફઘાનિસ્તાનની હદ પાર કરી.

કાબુલમાં લાલા ઉત્તમચંદ દુકાનદારે તેમને પોતાને ઘેર રાખ્યા. ત્યાં તેમને ઈટાલિયન પાસપોર્ટ મળી જતાં ઈટાલિયન એલચીની મોટરમાં એ સરહદ પાર કરી, રશિયામાં મોસ્કોથી વિમાનમાર્ગે બર્લિનમાં ગયા. બર્લિનમાં હિટલરે 'હિંદના સરનસીન' તરીકે તેમનું સ્વાગત કર્યું.

પછી જર્મનીમાં એમણે 'આઝાદ હિંદ ફોજ'ની રચના વિચારી લીધી. બર્લિનથી સબમરીન દ્વારા જાપાન ઊતર્યા. 'આઝાદ હિંદ ફોજે જ જયઘોષ તરીકે 'આઝાદ હિંદ'ને 'જય હિંદ'નો રણઘોષ સ્વીકાર્યો તેઓ 'નેતાજી' તરીકે ઓળખાયા.' 'ત્રિરંગીધ્વજ' પણ અહીં જ તૈયાર થયો.

જાપાની સૈન્યે સિંગાપુર, જાવા-સુમાત્રા જીતી લઈ દિલ્હી જવાનો રણનાદ આપ્યો.

આઝાદીના એ સ્વપ્નદૃષ્ટાએ સૌને લડત માટે કટિબદ્ધ કરતાં કહ્યું હતું. 'હું તમારો નેતાજી'. એ જે હોય તે પણ 'એ મહાવીરની કારકિર્દીનો અગોચર અંત આવ્યો, પણ એક મહાકાર્ય માટે જીવ્યા-ઝૂઝયા. એની આભા આજે પણ ઝળહળે છે. ધન્ય છે રાષ્ટ્રીય સાહસવીર સુભાષચંદ્ર બોઝને !'

**–સંકલન**

## ॥ રાષ્ટ્રીય જાગૃતિના સાચા પ્રહરી : શ્રી લોકમાન્ય ટિળક ॥

'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તે મેળવીને જ હું જંપીશ.' જાહેર કરનારા લોકમાન્ય ટિળકે દેશવાસીઓને સૌપ્રથમ અંગ્રેજોની ગુલામીને ધિક્કારવાનું શીખવ્યું.

લોકમાન્યે જોયું કે મોટાભાગના દેશવાસીઓ નિરક્ષર છે. અખબારો વાંચી શકતા નથી. અલબત્ત, 'કેશરી' અને 'મરાઠા'ની સિંહગર્જના એક મોઢેથી બીજે મોઢે દેશને ખૂણે ખૂણે પહોંચતી હતી. આમ છતાં જો સ્વરાજ્ય લાવવું હોય તો માત્ર અખબાર વાંચીને કે વાતો કરીને બેસી રહેવું પરવડે નહીં.

ટિળકે જોયું કે આપણો દેશ તહેવારો ખૂબ જ આનંદથી મનાવે છે. તો નાત, જાત, સંપ્રદાયના ભેદ ભૂલી આખો સમાજ આનંદપૂર્વક એકઠો થાય એવા ઉત્સવ કેમ ન મનાવવા ? આમ વિચારી ટિળકે 'ગણેશ ઉત્સવ'ને રાષ્ટ્રીય ઉત્સવનું સ્વરૂપ આપ્યું મનોરંજન-ધર્મતત્ત્વને નિયમબદ્ધ કરી તેમાં લોકશિક્ષણનું તત્ત્વ ઉમેર્યું. 'શિવાજી ઉત્સવ' ઊજવવાનો પ્રારંભ કર્યો જેથી શિવાજી મહારાજનાં રાષ્ટ્રભક્તિનાં-ધર્મભક્તિનાં કાર્યો લોકોને પ્રેરણા આપતા રહે. એક પ્રવચનમાં તેમણે 'મ્લેચ્છોને હિન્દુસ્તાન પર શાસન કરવાનો અધિકાર નથી.' એવા શબ્દો અફઝલખાનના સંદર્ભે વાપરેલા પરંતુ અંગ્રેજ સરકારે આ શબ્દો પોતાની સામે માન્યા. અને આ જ દિવસોમાં બે ગોરા અમલદારોની હત્યા થઈ, હત્યારા લોકમાન્યના ભાષણોથી ઉશ્કેરાયા છે તેવું જાહેર કરી તેમની પર દેશદ્રોહનો આરોપ મૂકાયો ને ૧૮ મહિનાની સખત કેદની સજા કરી.

જેલમાંથી મુક્ત થઈ પુણે આવ્યા ત્યારે તેમનાં દર્શન કરવા હજારો ઉમટ્યા. એક પત્રકારે એમને પૂછ્યું; 'જેલમાંથી મુક્ત



થયા પછી તમારો ભાવિ કાર્યક્રમ શું છે ?' ટિળકે કહ્યું; 'પહેલાં કરતો હતો તે જ કામ કરવાનો.'

લોકમાન્યમાં સ્વદેશાભિમાન ઠાંસી ઠાંસીને ભર્યું હતું. પોતે તો સ્વદેશી પોષાક પહેરતા પણ ઘરમાં, શાળામાં, જાહેરમાં લોકો પાસે તે માટેનો આગ્રહ રાખતા. દારૂનાં પીઠાંઓનું પિકેટિંગ કરી અનેક કુટુંબોને આર્થિક, સામાજિક આપત્તિમાંથી બચાવ્યા હતાં.

ટિળક ચોખ્ખું કહેતા : 'અંગ્રેજો ખુશ થઈને આપણને સ્વરાજ્ય આપવાના નથી.' ૧૯૦૫માં ગર્વનર જનરલ લૉર્ડ કર્ઝને સ્વરાજ્યની લડત કચડી નાંખવા બંગાળના ભાગલા પાડ્યા. ટિળક અને એની બેસન્ટે બંગભંગની ચળવળને નેતૃત્વ આપ્યું. તેમના 'દેશનું કમનસીબ' લેખને રાજ્યદ્રોહ સમાન ગણાવી તેમને છ વર્ષની કાળા પાણીની સજા થઈ. આ સમયે સ્વસ્થતાપૂર્વક કહ્યું : 'આખો દેશ જ અંગ્રેજોની મોટી જેલમાં છે. ત્યારે મને જ્યાં રાખવો હોય ત્યાં રાખે.' ટિળકને ધર્મપત્નીના અવસાનનો તાર જેલમાં જ મળ્યો. સંતાનોને પત્ર લખ્યો : 'તમારી મા અને હું લગભગ ૫૦ વર્ષ સાથે જીવ્યાં. આજે તેની અંતિમ પળોમાં હાજર ન રહ્યાનું મને દુઃખ છે. પણ તેણે જે કોઈ અંતિમ ઈચ્છાઓ વ્યક્ત કરી હોય તે અક્ષરેઅક્ષર પૂરી કરજો.'

ટિળકે માંડલેની જેલને ઋષિમુનિના આશ્રમમાં ફેરવી નાખી હતી. ફ્રેંચ, જર્મન, પાલિ, શીખી લીધી. 'ગીતારહસ્ય' નામનો યાદગાર ગ્રંથ લખ્યો.

ટિળક ગાંધીજીને કેટલાક મુદ્દે મતભેદ પડેલો છતાં ગાંધીજીએ તેમને માટે કહેલું : 'આ પાકો મિશનરી છે. આપણા મંડળમાં ભળે તેવો ન હોય છતાં તેને હાથે દેશનું અકલ્યાણ કદી નહીં થાય.'

ટિળકને ટપાલમાં એક પેન મળી જેના પર 'ટિળક' છાપ્યું હતું અને સાથેના પત્રમાં વિનંતી કરેલી કે, ''ટિળક'નું નામ છાપવાની મંજૂરી આપી આભારી કરશો.' ટિળકે ઉત્તર લખ્યો. 'આપે મોકલેલી પેન માટે આભાર. પરંતુ હું મારા નામનો ઉપયોગ મારા દેશબાંધવોને લૂંટવા માટે એક અંગ્રેજ કંપની કરે તે પસંદ કરતો નથી.'

ડેક્કન કૉલેજમાં ડૉ.ભાંડારકરે એક પ્રવચનમાં અંગ્રેજ સરકારના વખાણ કરતાં કહ્યું. 'અંગ્રેજી રાજ્ય ન હોત તો હું પ્રૉફેસરને બદલે રત્નાગિરિ જિલ્લામાં સ્નાન સંધ્યા કરતો આચમની-પવાલું અફળાવતો બેઠો હોત.' પ્રિન્સિપાલ સેલ્બીએ કહ્યું. 'આજે શિવાજી હોત તો ઉત્તમ ક્રિકેટર બન્યા હોત અને નાના ફડનવીસ ટેનિસની રમતના નિષ્ણાત બન્યા હોત.' આ સાંભળી ટિળકે કેશરી અને મરાઠામાં સ્પષ્ટ લખ્યું. 'જેમને શિવાજી મહારાજની ભારતના ઈતિહાસમાં શું ભૂમિકા છે ને નાના ફડનવીસ કેવી ત્યાગી પુરુષ હતા તે ખબર નથી તેમણે જાહેરમાં લવારા કરવા જોઈએ નહીં.'

ટિળકે આત્મનિર્ભરતાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે, 'ખેતીપ્રધાન દેશ માટે ગોમાતા હિંદુ ધર્મ અને સંસ્કૃતિ ઉપરાંત ખેતી માટે પણ કામધેનુ છે.' હવે નવી ગોરક્ષાની વાત પણ કરવી છે. મૂંગા જનાવરોની સાથે બોલતાં-ચાલતાં ત્રીસ કરોડ જનાવરોનું રક્ષણ કેવી રીતે થશે તેની ચિંતા કરવાની છે. લોકોના હક્કો ડૂબ્યા ને લોકો મૂંગા રહ્યા. એવા ગરીબ લોકોને છોડાવવા એ શું 'ગોરક્ષા નથી? શ્રી શિવાજી મહારાજની 'ગોરક્ષા પ્રતિપાલક' તરીકેની ખ્યાતિ છે. દેશની ઉન્નતિ કરવી એના જેવું બીજું કોઈ ગોરક્ષણ નથી. 'દેશમાતા એ મોટી



કામધેનુ છે.' એને ભૂલશો નહીં. એ જ હું તમારી સૌની પાસે છેડો પાથરીને માગણી કરું છું.'

દેશમાં નવચેતના જાગૃત કરી લોકોને સ્વરાજ્ય માટે સંગઠિત કરવા તેઓ સતત ફર્યા કરતા ટિળકના શરીરની અસ્વસ્થતા જોઈ નાના જમાઈએ કહ્યું : 'તમે તમામ આયુષ્ય દેશ માટે ખર્ચ્યું છે. હવે થોડાક આરામની જરૂર છે. આપ હવે એકાંતમાં બેસીને તમે ધારેલા ગ્રંથો રચો.' લોકમાન્યે કહ્યું 'ગ્રંથલેખન જેવાં કામો ફુરસદના સમયે કરવા જેવાં કામો છે. આ અભાગી દેશની દુર્બળ સ્થિતિ જોઈને, દરરોજનું રાજકારણ બાજુએ મૂકી બીજા કામમાં વળગવું એટલે કુરુક્ષેત્રના અર્જુનના મનના દુર્બળપણાનું અનુકરણ કરવું એ જ છે.'

સતારા પાસે ગ્રામજનોને સંબોધતા કહેલું. 'હું કોઈ મોટો માણસ છું તેમ તમે સમજશો નહીં. તમે જેવી રીતે મહેનત કરીને પેટ ભરો છો તેવી રીતે હું પણ મહેનત કરીને પેટ ભરું છું. તમે હળ લઈને જમીન ખેડો છો તો હું કલમ પકડી ઘસડ્યા કરું છું.'

સ્ત્રીઓ માટે કહ્યું; 'સ્ત્રીઓ દેશભક્ત સંતાનો સર્જી મહાન રાષ્ટ્રકાર્ય કરે છે. સ્ત્રી રાષ્ટ્રની શિક્ષિકા બની બાળકોનું વર્તન ઉત્તમ રીતે ઘડે છે. સ્ત્રીઓ જ દેશની સાચી રક્ષક છે. તેમની દેશભક્તિથી જ આજ સુધી હિન્દુસ્તાન ટક્યો છે.'

એમના જતાં ગાંધીજીએ કહ્યું, 'મારો મોટામાં મોટો આધાર ગયો છે.' શ્રી અરવિંદે કહેલું 'લોકમાન્યે પોતાનાં કાર્યો દ્વારા ઈતિહાસ પ્રસિદ્ધ પુરુષોની પ્રથમ હરોળમાં સ્થાન મેળવ્યું છે.'

## ॥ લોકનાયક : શ્રી જયપ્રકાશ નારાયણ ॥

૨૪ માર્ચ, ૧૯૭૭ રાજઘાટ નવી દિલ્હીમાં નવા પક્ષના નેજા હેઠળ એકત્ર થયેલ જનતા પ્રધાનમંડળ મોરારજીભાઈના નેતૃત્વ હેઠળ સોગંદ લે છે. જે.પી.ના શબ્દ ગુંજી ઊઠે છે : 'આઝાદીના ૩૦ વર્ષ બાદ આ બીજા સ્વાતંત્ર્યનો સૂર્યોદય ઊગ્યો છે.' નવા ભારતના નિર્માણમાં રાજશક્તિ અને લોકશક્તિ એકબીજા સાથે તાલમાં તાલ મિલાવીને રહેશે. પોતાની પ્રતિબદ્ધતા જાહેર કરવા એ જ સમયે મોરારજીભાઈએ ઊભા થઈને કહ્યું કે; 'જે.પી.ની વાત હું માથે ચડાવું છું. રાજ છોડીને પણ લોકોની સાથે જ રહીશ.'

જો કે એક વર્ષના ટૂંકાગાળામાં અનેક આંતરિક વિખવાદોને કારણે ભંગાણ પડ્યું ત્યારે જે.પી.એ નેતાઓને આંતરનિરીક્ષણ કરવાની સલાહ આપી.

૯ ઑક્ટોબર ૧૯૭૯માં પટણાનો ગંગાઘાટ લોકનાયકની ચિરવિદાયનો સાક્ષી બન્યો.

કોઈ હોદ્દો નહીં, કોઈ સત્તા નહીં એવા ગાંધીજી પછીના આ એક બીજા મોટા ગજાના મહામાનવ, લોકનાયક જયપ્રકાશ નારાયણને આખા રાષ્ટ્રે અંજલિ આપી. લેનિનથી ગાંધી, સમાજવાદથી સંપૂર્ણ ક્રાંતિની કૂચ કરતા આ એકલવીર, આદર્શવાદી, સ્વપ્નસેવી ક્રાંતિકારીને આજેય સહુ સ્મરે છે. જે.પી. વિદ્યાર્થીઓ-યુવાનોને 'ક્રાંતિના વાહક' તરીકે પસંદ કરી કહે છે : 'શ્રીકૃષ્ણે મહાભારતના કુરુક્ષેત્રમાં પાંચજન્ય શંખ ફૂંક્યો ત્યારે એ યુવાન હતા. શંકરાચાર્યે દિગ્વિજય યાત્રા કરી ત્યારે એ યુવાન હતા. વિવેકાનંદે શિકાગોમાં આંતરરાષ્ટ્રીય મંચ પરથી



હિન્દુધર્મના ગૌરવની ઘોષણા કરી ત્યારે એ યુવાન હતા. દક્ષિણ આફ્રિકામાં રંગવિરોધી લડતમાં ઝંપલાવનાર ગાંધીજી યુવાન હતાં.'

'સંપૂર્ણ ક્રાંતિ'ના છડીદાર એવા ભાવનાશાળી યુવાનો નવભારતના નિર્માણ માટે આગળ આવે એ જ એમનો જીવનસંદેશ છે : 'આ સંપૂર્ણ ક્રાંતિ એ નિરંતર ક્રાંતિ છે. સતત ચાલનારી ક્રાંતિ. એ ક્યારે શરૂ થઈ અને ક્યારે પૂરી થઈ એવું નહીં. ઘરઘરમાં ક્રાંતિ, નગર નગરમાં ક્રાંતિ, કાર્યાલયોમાં ક્રાંતિ, વિદ્યાલયોમાં ક્રાંતિ, બધા જ મોરચે સંપૂર્ણ ક્રાંતિની મારી કલ્પના છે. આ એક અખંડ ધારા છે, પ્રવાહ છે. એ સતત ચાલશે, નિરંતર ચાલશે અને આપણા વ્યક્તિગત તેમજ સામાજિક જીવનને બદલતી રહેશે. આ ક્રાંતિમાં કોઈ વિરામ નથી, પૂર્ણવિરામ તો હરગિજ નથી.'

'just as the cult of patriotism teaches us to day that the individual has to die for the family the family has to die for the village and the village for the country. Even so a country has to be free in order that it may die if necessary, for the benefit of mankind.'

# ॥ વિરલ ક્રાંતિવીર : શહીદ ભગતસિંહ ॥

ખેતરમાં જમીનમાં લાકડાની સળીઓ ખોસતા બાળકને જોઈ તેના પિતાએ કહ્યું; 'અરે પુત્તર શું કરે છે તું ?' એણે કહ્યું; 'હું તો બન્દૂકો રોપું છું.' આ બાળક ભારતની આઝાદીના ઈતિહાસમાં પોતાનું નામ અમર કરી જનાર વીર ભગતસિંહ હતા !

'હું તો આખા ગામનો ભાઈબંધ' કહેતા બાળકને કલ્પના ન હતી કે, પોતે આખા હિન્દુસ્તાનના હૃદય પર રાજ કરી લેજે.

ભગવતસિંહના કાકાને અંગ્રેજોના ત્રાસથી ભારત છોડી ભાગી જવું પડ્યું હતું તો રડતાં કાકીને આ નાનકડો બાળક કહેતો : 'કાકી, મારા કાકાના મોતનો બદલો લઈશ.'

પાંચમા ધોરણમાં ભગતસિંહના વર્ગશિક્ષકે પિતાને કહ્યું; 'આપનો પુત્ર શિષ્ય નથી, ગુરુ છે. એને ભણાવનાર હું વળી કોણ ?'

૧૩મી એપ્રિલ ૧૯૧૯ના જલિયાવાલા બાગના હત્યાકાંડે આ કિશોરને હચમચાવી મૂક્યો. બાર વર્ષનો એ છોકરો શાળા જવાને બદલે સીધો અમૃતસર ગયો. જલિયાવાલા બાગની લોહીથી ખરડાયેલી પાવનકારી માટીની તેણે મુઠ્ઠી ભરી, કપાળે તિલક કર્યું બાકીની માટી શીશીમાં ભરીને ભારે હૈયે ઘેર પહોંચ્યો. બેનને કહ્યું, 'અંગ્રેજોએ આપણા દેશના બેસુમાર માણસોની લાશો ઢાળી દીધી છે. એની કરુણ સ્મૃતિ છે આ માટી. થોડાંક ફૂલ લાવ આપણે એ પવિત્ર માટીની પૂજા કરીએ.'

ભગતસિંહના હૃદયમાં ક્રાંતિનો અગ્નિ ભભૂકી ઊઠ્યો હતો.



લાલા લજપતરાયના પ્રમુખપદે કામ કરતી નેશનલ કૉલેજમાં દાખલ થયા, એ કૉલેજ રાષ્ટ્રીય ચેતનાથી ધમધમતી હતી.

પછી તો એ ગુપ્ત ક્રાંતિકારી દળમાં જોડાઈ ગયો નાનાં નાનાં પણ જોશીલાં ભાષણો દ્વારા કિશોરોને પ્રોત્સાહિત કર્યા. વિદેશી વસ્ત્રોની હોળી કરવામાં અગ્રેસર રહ્યો. દેશભક્તિથી છલકાતાં 'રાણા પ્રતાપ' 'સમ્રાટ ચંદ્રગુપ્ત', 'ભારતની દુર્દશા' જેવાં નાટકોમાં કામ કર્યું.

તેમની સગાઈ માટે તિથિ નક્કી થતાં તેઓ ઘર છોડી ચાલ્યા ગયા, પિતાને પત્ર લખ્યો : 'મારી જિંદગી એક ઉદાત્ત ધ્યેય અર્થાત્ હિન્દની આઝાદી માટેની વેદી પર સમર્પિત થઈ ચૂકી છે.'

ઘર છોડ્યા બાદ 'પ્રતાપ'માં બળવંતરાય નામથી લેખ લખવા માંડ્યા. પછી તેઓ તેઓ શાદીપુર ગામની એક શાળામાં હેડમાસ્તર બન્યા.

૨૯મી જુલાઈ ૧૯૨૯માં તેઓ પોલીસને હાથે પ્રથમવાર ગિરફતાર થયા. અમૃતસરના સ્ટેશન પર ઊતરીને ભગતસિંહ દોટ મૂકી શાર્દૂલસિંહના મકાનમાં ઘૂસી ગયા. એ વકીલે તેમને રક્ષણ આપ્યું.

લાહોર આવી, ઘોડાગાડી કરી ત્યાં જ પોલીસે ઘેરો ઘાલીને ભગતસિંહને હાથકડીઓ પહેરાવી દીધી. પંદર દિવસ તેમને લાહોરના કિલ્લામાં રાખી બોર્સ્ટલ જેલમાં ખસેડી દીધા. છેવટે જામીન પર તેમને મુક્ત કરાયા. ૧૯૨૮માં દિલ્હીમાં ક્રાંતિકારી દળની એક બેઠક યોજાઈ, ભગતસિંહને જુદા જુદા પ્રાંતોની પ્રવૃત્તિઓના સંયોજક તરીકે કામ સોંપ્યું આ કામ ગુપ્ત રીતે

કરવાનું હતું. ભગતસિંહે વાળ કપાવી નાંખ્યા, દિલ્હી, કાનપુર, લાહોર, કલકત્તા સંગઠન માટે ફરતા જ રહ્યા. ખાલી પેટ ને ખાલી ખિસ્સું !

ભગતસિંહને પોતાનું ભાવિ સ્પષ્ટ હતું જીવવા કરતાં દેશ માટે મરવા કાજે આત્મા થનગની રહ્યો હતો. હૃદયમાં એક જ આરઝૂ હતી સરફરોશીની ! એવામાં સાયમન કમિશન આવ્યું. એને ઠુકરાવવા લાલા લજપતરાય ને ભગતસિંહે મળીને પ્રચંડ વિરોધ માટે યુવાનોને પ્રોત્સાહિત કર્યા. લાલાજી પર થતા પ્રહારોને ભગતસિંહ ઝીલી રહ્યા. ૧૭ નવેમ્બરે લાલાજીનું અવસાન થતાં એમના મોતનો બદલો સ્કોટ સામે લેવાનું નક્કી થયું. એ કામ ભગતસિંહ, રાજગુરુ ને ચંદ્રશેખર આઝાદે માથે લીધું. ભગતસિંહ-રાજગુરુએ સ્કોટને બદલે સાંડર્સને ગોળીઓથી વીંધી નાંખ્યો. સી.આઈ.ડી. હત્યારાઓને શોધી રહી હતી.

ભગતસિંહે માથે હેટ, ઑવરકોટ, ડાબે હાથે તેડેલું બાળક, સાથે સ્ત્રી તથા નોકરના રૂપમાં લાહોરથી કલકત્તા જતી ગાડીમાં બેસી ગયા.

એવામાં કેન્દ્રીય ધારાસભામાં લોકસુરક્ષા બિલ અને ઔદ્યોગિક વિવાદવિષયક બિલ રજૂ થવાના સમાચાર મળ્યા. લોકસુરક્ષા બિલનો ઉદ્દેશ ભારતમાં ચાલી રહેલા યુવક આંદોલનને કચડી નાંખવાનો હતો ભગતસિંહે ધારાસભામાં બોંબ ફેંકવાનું નક્કી કર્યું. ભગતસિંહે બોંબ ફેંક્યો, જબરદસ્ત વિસ્ફોટ થયો. 'સામ્રાજ્યવાદ મુર્દાબાદ', 'ઈન્કિલાબ ઝિંદાબાદ'નાં સૂત્રોચ્ચારો કર્યા. પત્રિકામાં લખ્યું : 'વહીવટી સુધારણાને નામે બ્રિટિશ સરકારે આપણા દેશનું અપમાન કર્યું છે.'



લોકપ્રતિનિધિઓ તમે મતક્ષેત્રોમાં પાછા જાઓ ને આવનારી ક્રાંતિ માટે લોકોને તૈયાર કરો.

ધારાસભામાં બોમ્બ ફેંક્યા પછી લાંબા સમય સુધી ભગતસિંહ અને બટુકેશ્વર તે જ જગ્યાએ ઊભા રહ્યા. પોલીસે નિવેદન આપવા ત્રાસ ગુજાર્યો. ૭ મે ૧૯૨૯મી પૂલની અદાલતમાં કેસની સુનાવણી થઈ ભગતસિંહે પોતાનું નિવેદન સેશન-જજની કૉર્ટમાં આપવાનો આગ્રહ રાખ્યાથી તે કેસ જજ મિડલ્ટનની અદાલતમાં તબદીલ કરાયો.

અદાલતમાં ભગતસિંહે જે બયાન આપ્યું તે ઈતિહાસમાં અમર થઈ ગયું. તેના શબ્દેશબ્દમાં તેજસ્વિતા, ઊંડી સમજ અને દેશભક્તિની પાવનકારી ભાવનાનો રણકાર હતો. એમણે કહ્યું; 'ક્રાંતિ બૉમ્બ અને પિસ્તોલની સંસ્કૃતિ નથી. ક્રાંતિનું પ્રયોજન અન્યાયભરી અવસ્થામાં અમે પરિવર્તન આણવા માગીએ છીએ. આઝાદી જેવા મહાન ધ્યેય માટે કોઈપણ બલિદાન મોટું ન ગણાય.'

બંનેને જનમટીપની સજા થઈ. સરકારે ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો. પણ આજીવન કારાવાસની સજાને બહાલી મળી.

ભગતસિંહ માનતા કે જેલના કેદીઓને પણ યોગ્ય સગવડો મેળવવાનો હક છે. અંગ્રેજ સરકારનું વર્તન અત્યંત અપમાનભર્યું હતું. તેણે ભૂખહડતાલ કરી. યતીન્દ્રનાથનું ભૂખથી અવસાન થયું. ભગતસિંહની કાયા પણ દિવસે દિવસે ક્ષીણ થતી જતી હતી. જેલસમિતિએ કેટલીક ભલામણો કરતાં ભગતસિંહે ઉપવાસ છોડી દીધા.

૧ માર્ચ ૧૯૩૦ના રોજ લોર્ડ ઇરવિને 'લાહોર ષડ્યંત્ર કેસ

ઓર્ડિનન્સ'ના ખાસ હુકમ દ્વારા ત્રણ જજોની ટ્રિબ્યુનલ નિયુક્ત કર્યું. ભગતસિંહે તો શાનથી ક્રાંતિકારી ભાવનાથી ગીત ગાવાનું શરૂ કર્યું. પોલીસના ગડદાપાટુ સામે ગીતની મસ્તી ચાલુ રહી.

૭ ઓક્ટોબર ૧૯૩૦ની સવારે ટ્રિબ્યુનલે દૂત મોકલી ચુકાદાની જાણ કરી. જેમાં **ભગતસિંહ, રાજગુરુ** ને **સુખદેવ**ને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. આ સમાચાર દેશમાં વાયુવેગે ફેલાઈ ગયા. ઠેર ઠેર હડતાલો, વિરોધદર્શક સરઘસો નીકળ્યાં. ભગતસિંહના પિતા કિશનસિંહે વાઈસરૉયને એક અરજી કરી, નવા સાક્ષીઓ દર્શાવવા ! ભગતસિંહે નારાજ થઈ પિતાને પત્ર લખ્યો : 'આપની લાગણીની હું કદર કરું છું. પરંતુ મને પૂછ્યા વગર મારી બાબતમાં આપને આવી કોઈ અરજી કરવાનો અધિકાર નથી. મારું જીવન એટલું બધું કિંમતી નથી. અમૂલ્ય સિદ્ધાંતોની કુરબાની આપીને મારો જાન બચાવી લેવાય એટલું બધું મોંઘું.'

ભગતસિંહનો આત્મા હવે કુરબાની માટે કૃતસંકલ્પ હતો. એમણે કહ્યું; 'દેશની જનતા સંપૂર્ણપણે સરકાર વિરુદ્ધ ઉશ્કેરાય અને તેનું ધ્યાન અમને ફાંસી આપનાર તરફ કેન્દ્રિત થાય ત્યારે જો અમને ફાંસી આપવામાં આવે તો અમારો પવિત્ર ઉદ્દેશ સિદ્ધ થાય.'

ફાંસીખોલીમાં પણ તેમનો વાંચનશોખ અકબંધ હતો. ગૉર્કી, માર્ક્સ, ઉંમર ખય્યામ, બર્નાડ શો ઘણીવાર વાંચતાં વાંચતાં ભાવવિભોર થઈ ગાઈ ઊઠતા. 'મેરા રંગ દે બસંતી ચોલા.'

જેલમાં રહીનેય ભગતસિંહે દેશ વિશે ચિંતા ને ચિંતન કર્યું. લોકો એમને ફાંસીથી બચાવવા અનેકવિધ પ્રયત્નો કરતા હતા, તેઓશ્રી ગીતારહસ્ય, અનાસક્તિયોગ વાંચવામાં મશગૂલ હતા.



ભગતસિંહના વકીલ પ્રેમનાથે તેમને માફીપત્ર લખવા કહ્યું. પણ તેમણે એવું લખીને મોકલ્યું કે અમને ગોળીથી ખતમ કરી નાંખવામાં આવે.

ભારતીય પ્રજામાં આઝાદી માટેની જે તલપ છે એના અમે ત્રણે પ્રતિનિધિઓ છીએ. અમે કબૂલીએ છીએ કે અમે આ સરકારના દુશ્મન છીએ. અમને ખબર છે કે થોડા દિવસો પછી આપ અમને ફાંસીએ ચઢાવી દેશો. પણ અમારી આપને વિનંતી છે કે યુદ્ધના સૈનિકોની જેમ જ અમને ગોળીએથી વીંધી નાંખવામાં આવે.

ભગતસિંહની આખરી મુલાકાતમાં લાલા પિંડીદાસજીએ પૂછ્યું કે, 'ભગતસિંહ, તારી કોઈ અંતિમ ઇચ્છા ?'

ભગતસિંહે કહ્યું - 'મારી એક જ ઇચ્છા છે, કેવળ એક જ ઇચ્છા-કોઈ મારો મેળાપ મારા એ વહાલસોયા કાકા સરદાર અજીતસિંહ સાથે કરાવી દો. જેમને મેં જોયા પણ નથી. છતાં હું એમનો આશિક છું. એમના પુનિત કદમોને અનુસરીને મેં આ સમરભૂમિમાં ડગ માંડ્યાં છે. એમના એ પ્રેમે જ મને મારા અંતિમ ધ્યેય સુધી પહોંચાડી દીધો છે.'

ફાંસીના થોડાક દિવસ અગાઉ પોતાના ભાઈ કુલતારસિંહને પત્ર લખ્યો હતો : તારી આંખમાં આંસુ જોઈને હું બહુ જ દુઃખી થઈ ગયો. મારા ભાઈલા ! તારાં આંસુ મારાથી જોઈ શકાયાં નથી. હિંમત રાખજે. બસ અલવિદા 'ખુશ રહો અહલે વતન, હમ તો સફર કરતે હૈં।'

૨૭ માર્ચ ૧૯૩૧ મોત ભારે હૈયે **ભગતસિંહ, રાજગુરુ** તથા **સુખદેવ**ની જીવનલીલા સમાપ્ત કરવા ધીમે પગલે આગળ વધી રહ્યું હતું ત્યાં લાહોર જેલના કેટલાક સાથીઓએ ભગતસિંહને

એક ચિટ્ઠી મોકલી : 'સરદાર, એક ક્રાંતિકારીની અદાથી સાચે સાચું કહેજો હોં।' આપ ઇચ્છો છો કે આપને બચાવી લેવામાં આવે ? ભગતસિંહે તરત જ જવાબ લખી મોકલ્યો : 'જીવતા રહેવાની ઇચ્છા સ્વાભાવિક રીતે જ મારામાં પણ હોવી જોઈએ.' હું એ વાત છુપાવવા માંગતો નથી. પરંતુ મારા જીવતા રહેવાની વાત એક શરતે કે હું 'કેદી થઈને કે નમતું જોખીને જીવવા નથી માંગતો.'

ભલા સ્વભાવનો ચતુરસિંહ ગુરુવાણીનો ગુટકો લઈ આવ્યો. દુઃખી અવાજે કહ્યું; 'મારી વિનંતી છે પુત્તર. હવે આખરી ઘડી આવી રહી છે ત્યારે વાહે ગુરુનું નામ લે ને ગુરુવાણીનો પાઠ કરી લે.'

ભગતસિંહે હસતાં હસતાં કહ્યું; 'આપની વાત માનવાનો મને વાંધો નથી. પરંતુ છેલ્લી ઘડીએ પરમાત્માને યાદ કરું તો લોકો મને કાયર કહેશે ! લોકો ભલે મને નાસ્તિક કહે પણ મને કોઈ કાયર કે બેઈમાન ગણે એ મને લેશમાત્ર પસંદ નથી.'

નિર્ધારિત સમયે જેલના અધિકારીઓ આવ્યા, 'ચાલો'નો આદેશ મળતાં ભગતસિંહે કહ્યું; 'અમને હાથકડીઓ ન પહેરાવશો. અમારો ચહેરો કાનટોપીઓથી ન ઢાંકશો.' વિનંતીનો સ્વીકાર થયો.

ત્રણે ફાંસીખોલીમાંથી બહાર આવી એકમેકને ભેટ્યા. ભગતસિંહે સુખદેવ-રાજગુરુને ખભે હાથ મૂકી ગાયું :

**'દિલ સે નિકલેગી ન**
**મરકર ભી વતન કી ઉલ્ફત**
**મેરી મિટ્ટી સે ભી ખૂશ્બુ-એ**
**વતન આયેગી'**



ફાંસીના માંચડા તરફ આગળ વધતાં ભગતસિંહે જજને કહ્યું; 'મેજિસ્ટ્રેટ મહાશય, આપ સાચે જ ખુશકિસ્મત છો કારણ કે ભારતના ક્રાંતિકારીઓ કેવી રીતે પ્રસન્નતાપૂર્વક પોતાના મહાન આદર્શ માટે મોતને ભેટે છે એ સગી આંખે જોઈ શકો છો.'

આ ત્રણેયે બુલંદ અવાજે 'ઈન્કિલાબ ઝિંદાબાદ'નો છેલ્લીવાર સૂત્રોચ્ચાર કરી લીધો. તા.૨૩ માર્ચ ૧૯૩૧ની ઐતિહાસિક સાંજે સાડાસાત વાગ્યે ત્રણેય દેશભક્તોએ ફાંસીના ફંદાને ચૂમીને જાતે જ ગળામાં નાંખ્યા હતા ને ત્રણ મિનિટ પછી મા ભારતીના લાડલા અનંતની સફરમાં નીકળી પડ્યા.

આજે મોત હાર્યું, ખુમારી-અમીરી જીતી. અત્યાચાર-અન્યાય હાર્યા. દેશભક્તિ-કુરબાની જીતી. વિરાટ વ્યક્તિત્વનો અંત ?

'ભગતસિંહ મર્યા નથી. ભગતસિંહ કદી મરતા નથી.' ભગતસિંહ એટલે સ્વાતંત્ર્યસંગ્રામના એક અણનમ યોદ્ધા. ક્રાંતિકારી પ્રવૃત્તિઓના કુશળ નેતા. ઝિંદાદિલ ઉદાર ઈન્સાન. નિઃસ્વાર્થ દેશભક્તિની સાકાર પ્રતિમા. જોશીલો લેખક, પારદર્શી ચિંતક, નીડર, સાહસિક મૃત્યુસાધક ! ગરીબો પ્રત્યે કરુણાશીલ, નિષ્ઠાવાન, દૃઢપ્રતિજ્ઞ, વિશ્વના ક્રાંતિવીરોના ઈતિહાસમાં કવચિત્ જ જોવા મળે એવો વિરલ મૂઠી ઊંચેરો માનવી !

ભગતસિંહના વિરાટ વ્યક્તિત્વને અંજલિ અર્પવા માટે નીચેની પંક્તિઓ પર્યાપ્ત છે :

**'હો ફરિશ્તા ભી ફિદા**
**જિન પર, વો ઈન્સાન થે !'**

## ।। રાષ્ટ્રધ્વજની શાન : શ્રી વિનોદ કિનારીવાલા ।।

૧૯૪૨ના ક્રાંતિના દિવસો હતા. આઝાદી માટેની લડત પૂરબહારમાં હતી. ઑગસ્ટની ૧૦મી તારીખે અમદાવાદની લૉ કૉલેજની સામે ચોગાનમાં સહુ એકઠા થયા છે. ભવ્ય સરઘસનું આયોજન છે. સરઘસ ભદ્ર કોંગ્રેસ તરફ કૂચ કરતું હોય છે. આગળની કતારમાં બે યુવતીઓને ધ્વજ આપવામાં આવ્યા છે. સરઘસ ગુજરાત કૉલેજ પાસે આવી પહોંચે છે, સામે પોલીસ નાકાબંધી કરીને ઊભી છે. છતાં કેટલાંક વિદ્યાર્થીઓ 'આગે કદમ' કહેતા આગળ વધતાં પોલીસ લાઠીમાર શરૂ કરે છે. છતાં કેટલાક ગુજરાત કૉલેજના સંકુલમાં દાખલ થયા છે એમાં મોખરે છે વિનોદ કિનારીવાલા. યુવતીઓ પરની બેરહમ મારપીટથી તે વ્યથિત થઈ, તેમનો બચાવ કરવા આગળ વધે છે. પોલીસ તેના રાષ્ટ્રધ્વજને ઝૂંટવી લેવા પ્રયત્ન કરે છે. વિદ્યાર્થિનીઓ પાસેથી ધ્વજ ઝૂંટવી પોલીસે પગ તળે ચગદ્યા હતા. ત્યારે વિનોદે પોતાના ધ્વજને ઊંચે રાખી 'શાહીવાદ હો બરબાદ'નો નારો પોકાર્યો. પાછળ પોલીસ તેના બરડામાં લાઠીપ્રહાર ઝીંકતી રહી.

પોલીસના અમાનુષી મારથી સરઘસ છિન્નભિન્ન થઈ ગયું. ગુજરાત કૉલેજનું ચોગાન વીરોનું સમરાંગણ બની ગયું. ધ્વજની પ્રતિષ્ઠા કાજે 'ઈન્કિલાબ ઝિંદાબાદ'નો પોકાર કરતા વિનોદ કિનારીવાલા અન્ય યુવાનો સાથે આગળ વધે છે. ત્યાં જ એક અંગ્રેજી અફસરની રિવોલ્વરમાંથી છૂટેલી ગોળી વિનોદની છાતી વીંધી નાંખે છે. માભોમનો નીડર સપૂત ભારતમાતાને ખોળે ઢળી પડે છે. રાષ્ટ્રધ્વજની રક્ષા કાજે આઝાદીયજ્ઞમાં હોમાઈ જાય છે.

કોલેજના બે-ત્રણ પ્રૉફેસરો અને વિદ્યાર્થીઓ વિનોદ જ્યાં ઢળી પડેલો એ ભૂમિ પર બે-ત્રણ ઈંટ ગોઠવી, થોડાંક ફૂલો મૂકી, દીપ-અગરબત્તી-ધૂપ કરે છે. પછી એની આરસની ખાંભી ચણાય છે.

નિર્ભયતા, હિંમત, ફના થવાની તૈયારી વિનોદને ભારતમાતાના ત્રિરંગાનું પ્રાણપણે ગૌરવ અક્ષત રાખવા 'વતનની શાન' જાળવી રાખવા સર્વસ્વ હોમી દેવા તત્પર કરે છે.



## ।। ભારતીય વિદેશિની : અર્પિતાનું મહામૂલું અર્પણ ।।

આપણા રાષ્ટ્રનું સદ્ભાગ્ય છે કે, વ્યવસાયાર્થે વિદેશમાં વસતાં ઘણાં ભારતીય યુવાનો-યુવતીઓ છે, જેમનાં હૃદયમાં 'ભારતપ્રેમ અક્ષત' હોય છે. એ પ્રેમ એમનાં વાણી-વર્તન-વ્યવહારમાં પ્રતિબિંબિત થતો હોય છે. ભરચક ભૌતિક સુખ-સુવિધા વચ્ચે આધ્યાત્મિક વાયુમંડળ રચી, એમાં રમમાણ રહેવું એ પણ ભારતીય સંસ્કારનું એક અમીટ લક્ષણ છે. અમેરિકાવાસી, 'સ્વર્ગારોહણ'નાં સત્સંગી અર્પિતા એનું શ્રેષ્ઠ, જીવંત જ્વલંત ઉદાહરણ છે.

વ્યવસાયે તબીબ, કમ્પ્યુટર એન્જિનિયર-સંગીતવિશારદનાં પત્ની, પ્રતિભાવંત પુત્રનાં જન્મદાત્રી એવાં સાહિત્યપ્રેમી અર્પિતાએ વર્ષોના એમના ન્યૂજર્સીના વસવાટમાં, પ્રભુશ્રદ્ધાનો એક અખંડ દીપ અંતરે ધારી, એના ઉજાસમાં પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીની અનુપમ આત્મકથા 'પ્રકાશના પંથે'ના રૂપાંતરનું અત્યંત કપરું કાર્ય, અપૂર્વ કૌશલ્ય તેમજ અનહદ પરિશ્રમથી સંપન્ન કર્યું. માતૃભાષા ગુજરાતીમાં અવતરેલ આ મહાગ્રંથને વિશ્વભાષા અંગ્રેજીમાં ઉતારી; મહાત્મા યોગેશ્વરજીની મહાન પ્રતિભાને વિશ્વતોમુખી કરી, પ્રભુચેતનાનો પ્રસાર કર્યો છે. અલબત્ત, પ્રેમમયી 'મા' સર્વેશ્વરીની અસીમ કૃપાને અનન્ય સ્નેહ તેમજ વિનમ્રતાથી મસ્તકે ધારી; અર્પિતાએ એ મહાગ્રંથ અને તેના રચયિતા બંનેનું માહાત્મ્ય અકબંધ રાખી, પોતાની ગરિમા સિદ્ધ કરી છે.

પહેલાં હરદ્વારમાં 'ભાગીરથીને કિનારે આ ભગીરથ

ગ્રંથનિર્માણ' પૂજ્યશ્રી 'મા'એ વધાવી લઈ, એને ગંગાપૂજનથી અભિષિક્ત કરી, 'સ્વર્ગારોહણ'માં માતાપિતાની સંનિધિમાં, અર્પિતાની આ રચનાની 'શોભાયાત્રા' રચી. ઉપસ્થિત સર્વ સત્સંગીઓએ ગુલાબનાં ફૂલોથી એ મહાગ્રંથને વધાવી, સ્વર્ગારોહણની મધ્યમાં સોહતા શ્રી યોગેશ્વરજીના સ્વરૂપથી આરંભી, 'મા' સર્વેશ્વરી તીર્થ-સાધનાકુટિ સુધીની પ્રદક્ષિણા કરી; સતત 'ૐ યોગેશ્વરાય નમઃ'ના મંત્રગાનથી પ્રગટ પ્રસન્નતાથી અર્પિતાના સર્જનનું અનોખું અભિવાદન કર્યું. ત્યારબાદ કેટલાક ભક્તોએ ખાસ કરીને યુવાવર્ગે અર્પિતાના આ સત્કાર્યને ભાવભર્યા શબ્દોથી પોંખ્યું. અર્પિતાએ પણ સજલ નેત્રે, ભાવભીના સ્વરે સર્વ સ્નેહીજનો તેમજ આ પુનિત કાર્યના પ્રેરક-માર્ગદર્શક-પ્રણેતા પૂ.શ્રી 'મા' પ્રત્યેની ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરી.

સાચે જ પરમ ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના 'સૂક્ષ્મ પ્રાગટ્યદિને' આ 'ગ્રંથનું વિમોચન' એ 'પ્રભુપ્રેરિત, પ્રભુનિર્મિત જ 'પવિત્ર ક્ષણ' હતી; એવી સર્વની પ્રતીતિ રહી.'

'સંતોએ ચેતનાને સ્તરે જે વાવેતર કર્યું છે એનો આનુવંશિક વારસો મળવાનો જ છે. એને કારણે એ ચેતનાનો નવો આયામ ખોલી એમાં સ્થિર થવાનું અનિવાર્ય બની જશે. એના સિવાય જીવાશે જ નહીં. યુગપુરુષોનું આ વાવેતર નિષ્ફળ નહીં જાય.'



## ॥ સૈનિકોને શત શત નમન : રાષ્ટ્રપ્રેમીની કલમે ॥

'સફારી'ના વાચકો વતી જ નહીં, દેશના કરોડો લોકો વતી લેખકશ્રી જવાનોને સંબોધી કહે છે : 'આઠ ફીટ બાય આઠ ફીટકી કેબિન મેં બૈઠકર જબ હમ ઐસા કુછ લિખતે હૈં તબ કઈ બાર ઈસ સોચ મેં ડૂબ જાતે હૈં કિ હિમાલય કે કઠિન મૌસમ મેં હમારે જવાન કિતની મુશ્કિલેં ઝેલ કર લડે હોંગે ! યહ સોચ હમેં દુઃખી કર દેતી હૈ. મગર વહ કેવલ એક સોચ હૈ.' જંગ કે મેદાન મેં ક્યા હુઆ થા વો હમ મહસૂસ નહીં કર પાતે. ઠીક ઉસી તરહ, હમ યહ ભી મહસૂસ નહીં કર પાતે કિ આપ જૈસે હમારે ફૌજી અપને ઘર સે, અપને પરિવાર સે દૂર કિન કિન મુશ્કિલોં કે સાથ હમારી સરહદોં કી રક્ષા કરતે હૈ. આજ મેં આપકી મુશ્કિલોંકો જરા મહસૂસ કરને કે લિયે યહાઁ આયા હૂ. આપ લોંગોસે બાત કરકે કુછ ઐસી બાતેં મેં જાનના ચાહતા હુ, જિસ કે બારે મેં ભારતવાસીઓ કો જાનકારી હોની ચાહિયે.

આજ જબ ફિલ્મ સિતારે ઔર ક્રિકેટર હમારે દેશ કે હીરો માને જાતે હૈં, ઔર આપ જૈસે ફૌજી જો સહી માયને મેં દેશ કે હીરો હોતે હુએ ભી દેશ કી જનતા કે લિયે અંજાન ઔર ઉપેક્ષિત રહ જાતે હૈં, તબ બડી તકલીફ હોતી હૈં. યહ સ્થિતિ મેરે લિયે પીડાદાયક હૈં. યહ પીડા ઔર મેરા રાષ્ટ્રપ્રેમ આજ મુઝે આપ તક ખીંચ લાયા હૈં.

આજ હમારે યહાઁ સ્કૂલ મેં પરદેશકા ઈતિહાસ પઢાયા જાતા હૈં, કિન્તુ શહીદ ભગતસિંહ, સિઆચેન મેં અપના શૌર્ય દિખાનેવાલે પરમવીર બાના સિંહ ઔર ઉનકે જૈસે કઈ સપૂતોં કો પાઠ્યપુસ્તકો મેં સ્થાન નહીં મિલા હૈ, યહ ઠીક નહીં હૈં.

ક્યું એક પરદેશી ટી.વી. ચેનલ સિઆચેન ક્ષેત્ર મેં આકર ડૉક્યુમેન્ટ્રી ફિલ્મ બનાયે તભી હમ જાન પાતે હૈં કિ આખિર સિઆચેન ક્યા હૈં ? આજ મૈં વહી મકસદ સે આપકે પાસ આયા હૂ, આપ સે કુછ જાનને, સમજને, કુછ સિખને કે લિયે ! જો ભી મૈં જાનુંગા, સમજુંગા, સિખુંગા વો અપની કલમ સે અપને પાઠકોં તક પહુંચાઉંગા. યહ મેરા વિનમ્ર પ્રયાસ હૈં, જિસે મૈં પૂરી લગન સે પૂરા કરુંગા. આપ સબકા બહોત બહોત ધન્યવાદ ! આપ સબકો શત શત નમન !

–શ્રી હર્ષલ પુષ્કર્ણા